કચ્છ-સૌરાષ્ટ્રના સર્વે માનવંતા ગ્રાહકમિત્રોને જણાવવાનું કે **કચ્છ ઉદય સાંધ્ય દૈનિક**માં જાહેરાત માટે અમારા બ્યુરો ઓફીસ રાજકોટમાં સંપર્ક કરો.
PAN COMMUNICATIONS
National & International News Papers & Magazine Advertising Agent, RAJKOT
Mo.: 98250 35635

ગાંધીધામ (પૂર્વ કચ્છ) ભૂજ (પશ્ચિમ કચ્છ)થી પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક તથા ગાંધીનગરથી પ્રસિદ્ધ થતું સવારનું દૈનિક કિંમત રૂા. ૨.૦૦/-
Website : www.kutchuday.com
E-mail : kutchuday@gmail.com
તા.૨૨ મે, ૨૦૨૫ ગુરૂવાર
કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
# કચ્છ ઉદય
૩૨ વર્ષથી અણનમ રહેતું કચ્છનું એક માત્ર અડિખમ સાંધ્ય દૈનિક

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
મુંદરા તાલુકાના ભદ્રેશ્વર, લુણી, વડાલા, ગુંદાલા, બારોઈ, નાના કપાયા, ભુજપુર, સમાઘોઘા, મોટા કપાયા, ફાચરીયા, પ્રાગપર, દેશલપર (કંઠી), વાંઢ, ધ્રબ તથા આસપાસના વિસ્તારોમાં સર્ક્યુલેશન કરી શકે તેવા ઉત્સુક અને નવ યુવાનની જરૂરી છે.
અવસાન નોંધ, પ્રેસનોટ, શ્રદ્ધાંજલિ અભિનંદન, જાહેર ખબરમાં સંપર્ક કરો
-: મુકેશભાઈ ગોર :-
90990 79342, 98790 41665
૫ મૈત્રી કોમ્પલેક્ષ, તાલુકા પંચાયત રોડ, મુંદરા-કચ્છ.

◆અંક નંબર : ૦૦૩◆વર્ષ : ૩૨ ◆પાના - ૮ ◆ મુદ્રક, પ્રકાશક, માલીક અને તંત્રી : ગંગારામ એલ.ભાનુશાળી ◆Regd No. G-KCH - 184-2019-2021 ◆RNI No. 54972/94◆ સંવત ૨૦૮૧ ◆ વૈશાખ વદ-૧૦◆ગાંધીધામ મો.૯૯૨૫૧ ૧૧૪૨૩ ◆ ભુજ મો.૯૮૨૫૦ ૯૪૭૭૪ ◆ ફેકસ : ૨૩૧૨૬૭, ૨૩૯૮૮૭

## કરણી માતાના મંદિરે મોદીજીએ ઝુંકાવ્યું શીષ

# ફરી સરહદ પર પીએમ : રાજસ્થાનને વિકાસભેટ

**ઓપરેશન સિંદુર બાદ વડાપ્રધાન પહોંચ્યા રાજસ્થાનની મુલાકાતે : ૨૬,૦૦૦ કરોડ રૂપિયાના વિકાસકાર્યોનું કર્યુ ઉદઘાટન : બિકાનેરના નાલ એરબેઝ ખાતે ભારતીય વાયુસેનાના કર્મચારીઓને પણ તેઓ મળ્યા : રાજસ્થાનના પલાણા ખાતે પીએમ મોદીએ વિશાળ જનસભાને કર્યુ સંબોધન**

**મોદીએ દેશનોક રેલ્વે સ્ટેશનનું કર્યુ ઉદ્ઘાટન : આજનો દિવસ ભારતીય રેલ્વે માટે ઐતિહાસિક, કચ્છના સામખીયાળી સહિત ગુજરાતના ૧૮ મળીને દેશના ૧૦૦ નવવિકસીત અમૃત રેલવે સ્ટેશનનું પીએમ મોદીએ કર્યુ લોકાર્પણ : પીએમ**









## કરણી માતાજીના આર્શીવાદથી વિકસીત ભારતનો સંકલ્પ મજબુત બન્યો : પીએમ



બિકાનેર : આજ રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીજીએ અહી ઉદબોધન કરતા કહ્યુ હતુ કે, દેશના ૧૮ રાજયો અને કેન્દ્ર શાસિત પ્રદેશોથી પણ લાખો લોકો ઓનલાઈન આજે આપણી સાથે આ કાર્યક્રમમાં જોડાયા છે. અનેક રાજયોના રાજયપાલશ્રી, મુખ્યમંત્રીશ્રીઓ, એલજીશ્રીઓ અન્ય જનપ્રતિનિધી આજે આપણી સાથે છે. મોદીજીએ કહ્યુ હતુ કે, હું અહી કરણી માતાજીના આર્શીવાદ લઈ અને તમારી વચ્ચે આવ્યો છું. કરણી માતાના આર્શીવાદથી વિકસીત ભારત બનાવવાનો આપણો સકલ્પ વધુ મજબુત બની રહ્યો છે. થોડીવાર પહેલા જ વિકાસથી જોડાયેલી ૨૬ હજાર કરોડ રૂપીયાની પરિયોજનાઓનું અહી શિલાન્યસ-લોકાર્પણ થવા પામ્યું છે. હું આ પરિયોજનાઓ માટે દેશવાસીઓને રાજસ્થાનના મારા ભાઈ બહેનોને ખુબ અભિનંદન આપું છુ. તેઓએ કહ્યુ કે, આજે ભારતમાં થઈ રહેલા વિકાસકામોને જોતા દુનીયા પણ હેરાન થવા પામી ગઈ છે. દેશના રેલવે સ્ટેશન, એરપોર્ટ આધુનીક બને તે માટે કેન્દ્ર સરકાર સજ્જ છે. દેશમાંઆધુનીક માળખાગત સુવિધાઓ વિકસવવાનો એક યજ્ઞ જ ચાલી રહ્યો છે. આજે ભારત પોતાની ટ્રેનોના નેટવર્કને પણ આધુનીક બનાવી રહ્યો છે. વંદેભારત ટ્રેન અમૃત ભારત ટ્રેન, નમો ભારત ટ્રેન, આ દેશની નવી ગતી અને નવી પ્રગતિને દર્શાવે છે. હાલમાં દેશમાં અંદાજીત ૭૦ રૂટ પર વંદેભારત ટ્રેન દોડી રહી છે. આજે દેશને ૧૦૩ જટલા પુન : વિકસીત રેલવે સ્ટેશનની ભેટ અપાઈ રહી છે. દરેક સેકટરમાં ભારત ઝડપથી વિકસી રહ્યો છે.

**ધર્મ પુછીને આતંકીઓએ બહેનોનું સિંદુર ઉજાળ્યું, પણ ભારતની ત્રણેય સેનાએ એવુ ચક્રવ્યુ રચયું કે પાકીસ્તાનને ભારતની સામે ઘુંટણિયે લાવી દીધુઃ મોદીએ બીકાનેરમાં પહેલગામ હુમલો, ઓપેરશન સિંદુરનો કર્યો ઉલ્લેખ : ૨૨મી તારીખે પહેલગામ હુમલામા થયેલા હુમલાના જવાબમા ભારતે ૨૨ મીનિટમાં આતંકીઓના સૌથી મોટા નવ અડ્ડાઓ તબાહ કરી દીધા : જયારે સિંદુર બારૂદ બની જાય તો પરીણામ શું આવે છે તે દેશના દુશ્મનો સહિત દુનીયાએ જોઈ લીધું..!**


નવી દીલ્હી : પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ૨૨ મેના રોજ ગુરુવારે બિકાનેરની રાજસ્થાનના ઐતિહાસિક મુલાકાતે આવી પહોંચ્યા છે'ઓપરેશન સિંદૂર' પછી આ પ્રધાનમંત્રીની રાજસ્થાનની પહેલી મુલાકાત છે, જેને માત્ર વ્યૂહાત્મક દષ્ટિકોણથી જ નહીં પરંતુ વિકાસના દષ્ટિકોણથી પણ અત્યંત મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે.

આ પ્રસંગે, પીએમ મોદી ૨૬,૦૦૦ કરોડ રૂપિયાથી વધુના પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યુ છે. અને બિકાનેરના નાલ એરબેઝ ખાતે ભારતીય વાયુસેનાના કર્મચારીઓને પણ તેઓ મળ્યા

અનુસંધાન પાના નં.૪ પર

# સંભવત વાવાઝોડાનું સંકટ : રાજય સરકાર એલર્ટ

**રાજ્યના સાત જિલ્લામાં પવન અને વરસાદની આગાહીના પગલે મુખ્યમંત્રીએ જિલ્લા વહીવટી તંત્રને સતર્ક રહેવા સૂચના આપી : દક્ષિણ ગુજરાત સૌરાષ્ટ્રના સાત જિલ્લા ઓમાં ૨૪X૭ કલાક કંટ્રોલરૂમ કાર્યરત કરવા સુચના અપાય**




ગાંધીનગર : સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના સાત જિલ્લામાં લો પ્રેસર સિસ્ટમ સર્જાતા આ જિલ્લામાં ભારે પવન અને ભારે વરસાદની કરેલી આગાહીના પગલે મુખ્યમંત્રીએ સાત જિલ્લાના કલેકટરોને ૨૪ કલાક કંટ્રોલરૂમ કાર્યરત કરવા અને તકેદારીના પગલાં લેવા માટે સૂચના આપી છે. અરબી સમુદ્રમાં સર્જાયેલા લો પ્રેશરને પગલે ગુજરાતમાં સુરત, તાપી, વલસાડ, ડાંગ, નવસારી, અમરેલી અને ભાવનગર જિલ્લાઓમાં પવન ફૂંકાવાની અને વરસાદની આગાહી હવામાન વિભાગે કરી ને યલો એલર્ટ આપેલું છે.મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે હવામાન વિભાગે કરેલી આગાહીને ધ્યાને લેતા, રાજ્યના આ જિલ્લાઓમાં જિલ્લા વહીવટી તંત્રોને સતર્ક અને સજાગ રહેવા તેમજ ૨૪ટ૭ કંટ્રોલરૂમ કાર્યરત કરવા સૂચનાઓ આપી છે. તેમણે આ સંભવિત વરસાદ કે ભારે પવન સામે તકેદારી સાથેના સલામતી પગલાઓ માટેના દિશાનિર્દેશો આપ્યા હતા. મ

અનુસંધાન પાના નં.૪ પર

# વ્હાઈટ હાઉસમાં મિડીયા સામે વધુ એક ડ્રામા

**હવે દ.આફ્રિકાના રાષ્ટ્રપતિ રામાફોસા સાથે ટ્રમ્પનું તૂમાખીભર્યુ વર્તન**



વોશિંગ્ટનઃ અમેરિકામાં ચાર વર્ષ બાદ બીજી ટર્મ માટે ચૂંટાઈ આવેલા રીપબ્લીકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની તૂમાખીભરી ડિપ્લોમસી અને અહંકારનો ભોગ યુક્રેનના રાષ્ટ્રપતિ ઝેલેસ્કી બન્યા બાદ અમેરિકાની મુલાકાતે રહેલા સાઉથ આફ્રિકાના પ્રમુખ સીરીલ રામાફોસા સાથે વ્હાઈટ હાઉસમાં વાતચીત સમયે કેમેરા સામેજ ટ્રમ્પે દક્ષિણ આફ્રિકામાં શ્વેત ખેડુતોનો સામૂહિક સંહાર થાય છે.તેઓને ખેતરો છોડી જવા ફરજ પાડવામાં આવે છે અને ટ્રમ્પે એક સ્ક્રીન પર તેનો વિડીયો દેખાડવાનું શરૂ કરી દીધુ હતું. ટ્રમ્પ અત્યંત આક્રમક રીતે ડેથ... ડેથ... ડેથ... હોરીબલ ડેથ... તેવા શબ્દો બોલતા રહ્યા હતા.તેઓએ ટ્રમ્પ તેનો ઉલ્લેખ કરી રહ્યા હતા તે ડચ-મૂળના શ્વેત સમુદાય ત્રણ-ચાર સદીથી દ.આફ્રિકામાં

અનુસંધાન પાના નં.૪ પર

# મંજૂરી વગર બંધાયેલા મકાનોને કાયદેસરતા અપાશે: આજથી કાયદાની અમલવારી



ગાંધીનગર : ગુજરાત વિધાનસભાના તાજેતરના બજેટ સત્રમાં પસાર કરાયેલા ગુજરાત જમીન મહેસૂલ (સુધારા) અધિનિયમ, ૨૦૨૫ને રાજયપાલની મંજૂરી બાદ મહેસૂલ વિભાગે આ કાયદાના સુધારાઓને ૨૨ મે, ૨૦૨૫થી અમલમાં મૂકવા અંગેનું નોટિફેકશન જાહેર કયુ છે.ગુજરાત સરકારના જુદા જુદા કાયદા હેઠળ શરતભગં થતો હોવાથી રાજયના શહેરોની આસપાસના વિસ્તારોના લોકો ચોક્કસ અવેજ ચૂકવીને મકાન કે સોસાયટીઓમાં વસવાટ કરી રહ્યા છે.આવા બાંધકામોને નિયમિત કરવા માટે પરિવર્તનીય વિસ્તાર તરીકે જાહેર કરી તેને વિનિયમિત કરી આપવા અને તેને કાયદેસરતા આપવાના હેતુ સાથે આ સુધારો કરવામાં આવ્યો હતો. જેનો અમલ હવે શરૂ કરાશે. જોકે, જેમણે

અનુસંધાન પાના નં.૪ પર

# જુન – જુલાઈ ભારે? યુદ્ધ – કુદરતી આપતિની ભવિષ્યવાણી : જાપાનમાં સુનામી ત્રાટકશે?

નવી દિલ્હી : હજુ માંડ માંડ ભારત-પાકિસ્તાન વચ્ચે તણાવભરી સ્થિતિ હળવી થઈ છે ત્યાં ફરી યુદ્ધ, આંધી, વાવાઝોડાની આગાહી ભારતના જયોતિષીઓએ કરી છે, તો નવી બાબા વેંગા તરીકે જાણીતી થયેલી જાપાનની ભવિષ્યવેતા અને મંગા આર્ટિસ્ટ રિયો તાત્સુકીએ સુનામીની ભવિષ્યવાણી કરી છે, જેથી લોકો એટલા તો ભયમાં મુકાયા છે કે જાપાનના ટ્રાવેલ પ્લાન લોકો રદ કરવા લાગ્યા છે.ગ્રહ-તારાની ગણતરીના આધારે. હાલમાં રાહુ અને મંગળની જે સ્થિતિ છે એને કારણે ષડાષ્ટક યોગ બની રહ્યો છે, જેને કારણે આગામી ૧૫-૧૭ દિવસ દેશ દુનિયા માટે ભારે રહેશે. આવો જોઈએ શું છે આ ષડાષ્ટક યોગ અને એની શું અસર જોવા મળશે.મુંબઈના એક જાણીતા જયોતિષાચાર્યના જણાવ્યા અનુસાર ૧૮મી મેના રાહુએ ગોચર કરીને કુંભ રાશિમાં ગોચર કર્યું હતું અને ત્રીજી એપ્રિલથી મંગળ કર્ક રાશિમાં બિરાજમાન છે, જેને કારણે રાહુ અને મંગળ વચ્ચે ષડાષ્ટક યોગ બની રહ્યો છે. આ ભયંકર યોગ બે ગ્રહોની વચ્ચે છઠ્ઠા કે આઠમા ભાવમાં હોવાથી બને છે અને હાલમાં રાહુ અને કેતુ વચ્ચે આ સ્થિતિ જોવા મળી રહી છે.વાત કરીએ ક્યાં સુધી આ ષડાષ્ટક યોગની અસર જોવા મળશે તો સાતમી જૂન સુધી મંગળ કર્ક રાશિમાં બિરાજમાન રહેશે એટલે સાતમી જૂન સુધી આ યોગની અસર જોવા મળશે. જ્યોતિષશાસ્ત્રમાં આ યોગને ખૂબ જ વિનાશકારી, ભયંકર માનવામાં આવે છે અને ૧૨-૧૨ રાશિની સાથે સાથે દેશ-દુનિયા પર તેની અસર જોવા મળી શકે છે.સૂર્યમંડળમાં ગ્રહોની સ્થિતિની અસર દેશ-દુનિયાના રાજકારણ, શાંતિ વ્યવસ્થા અને કુદરતી આફતો પર પણ જોવા મળે છે. હાલમાં મંગળ અને કેતુને કારણે રચાઈ રહેલાં ષડાષ્ટક યોગને કારણે તોફાન, ભૂકંપ, આગ લાગવા જેવી કુદરતી ઘટનાઓ ઘટશે, જેને કારણે જાન-માલનું નુકસાન થશે. આ ઉપરાંત પહલગામ આંતકવાદી હુમલા બાદ ભારત-પાકિસ્તાન વચ્ચેનો તણાવ હાલ તો શાંત છે, પણ સાતમી જૂન પહેલાં ફરી વખત આ વિવાદ વકરે એવી પૂરેપૂરી શક્યતા છે.ષડાષ્ટક યોગને કારણે સિંહ, ધન અને મીન રાશિના જાતકો પર જોવા મળી શકે છે. આ રાશિના જાતકોના જીવન પર આ યોગની અસર જોવા મળી શકે છે, તેથી આ રાશિના જાતકોએ વિશેષ સાવધ રહેવાની જરૂર છે.જાપાનની મંગા આર્ટિસ્ટ રિયો તાત્સુકી હાલ ચર્ચામાં છે. તે નવી બાબા વેંગા તરીકે ઓળખાય છે, કારણ કે તેની કેટલીક જૂની ભવિષ્યવાણી સાચી પડી છે. હવે તેણે જુલાઈ ૨૦૨૫ ને લઈને ભવિષ્યવાણી કરી લોકોને ડરાવી દીધા છે. જાપાન અને ફિલીપીન્સ વચ્ચે સમુદ્રની નીચે તિરાડ પડવાની તેણે આગાહી કરી છે.જેથી જાપાનમાં ૨૦૧૧માં આવેલા ખોફનાક સુનામી કરતા ત્રણ ગણી સુનામી આવી શકે છે, જેની અસર જાપાન, તાઈવાન, ઈન્ડોનેશિયા અને નોર્ધન મહિઆના આઈલેન્ડ સુધી થઈ શકે છે. તેની ભવિષ્યવાણીથી લોકોમાં ડર પેદા થયો છે અને જાપાનના પ્રવાસના બુકીંગમાં ૫૦ ટકા જેટલો ઘટાડો થયો છે.ઉલ્લેખનીય છે કે, રિયોએ વર્ષ ૧૯૯૯માં 'ધી ફયુચર આઈ શો' (જે ભવિષ્ય મેં જોયું) લખ્યું હતું. તેમાં કેટલીક ભવિષ્યવાણી હતી.

## ગ્રીસમાં આજે સવારે ૬.૧નો શકિતશાળી ભુકંપ

(એજન્સી દ્વારા)

નવી દિલ્હી : : ભૂકંપનું કેન્દ્રબિંદુ કાસોસ અને ક્રેટ ટાપુઓની નજીક ક્રેટ, રોડ્સ, કોસ અને ડોડેકેનીઝના અન્યટાપુઓમાં પણ ઝટકાઃ ઈજિપ્તના કૈરો, ઈઝરાયેલ, લેબનોન, ટર્કી અને જોર્ડનમાં પણ ભૂકંપની અસર ગ્રીસના દક્ષિણ ટાપુ કાસોસની નજીક આજે વહેલી સવારે ૬.૧ની તીવ્રતાનો શક્તિશાળી ભૂકંપ આવ્યો હતો,જેની અસર આશરે ૭૦૦ કિલોમીટરના વિસ્તારમાં અનુભવાઈ હતી. આ ભૂકંપના ઝટકા ટર્કી, સાયપ્રસ લેબનોન અને ઈજિપ્ત સુધી અનુભવાયા હતા.

## ગુજરાતના ચાર આઈએએસ અધિકારીઓની બદલી : વધારાનો કાર્યભાર સોંપાયો

ગાંધીનગર : રાજયના ચાર વહીવટી સેવા (આઈએએસ) અધિકારીઓની બદલી કરવામાં આવી છે તથા તેમને વધારાનો કાર્યભાર સોંપવામાં આવ્યો હોવાના અહેવાલો પ્રાપ્ત થવા પામી રહ્યા છે.

આઈએએસ સંગીતા રૈયાણીની ગાંધીનગર ખાતે મેનેજીંગ ડાયરેકટર તરીકે નિયુકિત કરવામા આવી છે. વી આઈ પટેલને ખેડા જિલ્લાના અધિક કલેકટર તરીકેનો વધારાનો કાર્યભાર સોપાયો છે. તો રોહિત ડોડીયાની ગાંધીનગર ખાતે એડીશ્નલ ઈન્ડસ્ટ્રીઝ કમિશ્નર તરીકે નિયુકત કરવામ આવ્યા છે. જયારે કે સી સંપત્તને સાબરકાંઠા જિલ્લાના અધિક કલેકટરનો વધારાનો ચાર્જ સોપવામા આવ્યો છે.




## તિકડમ !

– દેવેન વ્યાસ





**ભારતીય વાયુ સેનાના સાઉથ-વેસ્ટર્ન એર કમાન્ડના નવા વરાયેલા એર માર્શલ નગેશ કપૂરે આચાર્ય દેવવ્રતજીની શુભેચ્છા મુલાકાત લીધી હતી**

## સરહદી ક્ષેત્રોમાં નાના - શોર્ટ રેન્જ ડ્રોન મળી આવતા સુરક્ષા એજન્સી ચોંકી

(એજન્સી દ્વારા)

નવી દિલ્હીઃ પાકિસ્તાન સામેના ઓપરેશન સિંદુરમાં સૈન્યના ડ્રોન એ મહત્વની ભૂમિકા ભજવી હતી પણ સરહદો શાંત થયા બાદ પણ પાક સાથેની સીમા પરથી શોર્ટ-રેન્જ નજીક આસપાસ ઉડી શકતા અને બિનલશ્કરી ઉપયોગમાં લેવા ડ્રોન અનેક સરહદી ક્ષેત્રમાં મળી આવતા હવે સુરક્ષા એજન્સીઓએ આ અંગે તપાસ હાથ ધરી છે.

યુદ્ધના વાતાવરણ વચ્ચે સરહદી ક્ષેત્રમાં ડ્રોન ઉડાડવા પર પ્રતિબંધ હતો પણ તે વચ્ચે આ ટુંકા અંતર સુધી ઉડી શકતા અને કોઈ લશ્કરી નહી પણ ફોટોગ્રાફી કે વિડીયોગ્રાફી અથવા હળવી વહન કરી શકે તેવા આ ડ્રોન અનેક સરહદો પર મળ્યા છે. હવે સુરક્ષા એજન્સીઓ આ ડ્રોન જે સામાન્ય રીતે ઓનલાઈન- ઈ-કોમર્સ કંપનીઓ મારફત મેળવી શકાય છે. તે તરફ તપાસ કરી છે જેથી તેના સ્ત્રોત અંગે માહિતી મેળવી શકાશે અને કોણે શા હેતુથી સરહદી ક્ષેત્રમાં આ ડ્રોન મેળવ્યા હતા તે અંગે પણ માહિતી મેળવી શકાશે. આ ડ્રોન બહું ખર્ચાળ નથી અને તે મર્યાદીત અંતર અને સમય સુધી ઉડ્ડયનોની ક્ષમતા ધરાવે છે. ખાસ કરીને ખેતીમાં આ પ્રકારના ડ્રોનનો ઉપયોગ થાય છે.

તેથી તે કૃષી હેતુના નથી અને તેથી આ ડ્રોન એ સરહદી ક્ષેત્રમાં મળવુ એ રહસ્ય બની ગયુ છે.

# વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી ભુજ ખાતેથી રૂ.૫૨,૯૫૩ કરોડના ૩૧ વિકાસકામોની ગુજરાતને આપશે ભેટ





ભુજ : ભુજ ખાતે તા.૨૬મી મેના ભુજ-મિરઝાપર રોડ પર યોજાનારા કાર્યક્રમમાં વડાપ્રધાન રૂ.૫૨,૯૫૩ કરોડના કુલ ૩૧ વિકાસકામોની ગુજરાતને ભેટ આપશે. કચ્છ, મોરબી, જામનગર, અમરેલી, જુનાગઢ, ગીર-સોમનાથ, અમદાવાદ, તાપી તથા મહીસાગર જિલ્લાને સમાવતા વિકાસકામોનું વડાપ્રધાનના હસ્તે ઈ-લોકાર્પણ તથા ઈ-ખાતમૂહુર્ત કરાશે. જેમાં રૂ.૨૨૯૨ કરોડના ૧૭ કામોનું લોકાર્પણ તથા રૂ.૫૦,૬૬૧ કરોડના ૧૪ કામોનું ખાતમુહૂર્તનો સમાવેશ થાય છે.

**વડાપ્રધાન દ્વારા રૂ.૨,૨૯૨ કરોડના ૧૭ પ્રોજેક્ટનું ઈ -લોકાર્પણ અને રૂ.૫૦,૬૬૧ કરોડના ૧૪ પ્રોજેક્ટનું થશે ઈ-ખાતમુહૂર્તઃ ઊર્જા, પરિવહન અને બંદર વિકાસને લગતા મહત્વના પ્રોજેક્ટસ થકી કચ્છ સહિત ગુજરાતના વિકાસને મળશે નવી ગતિ**

એનર્જી એન્ડ પેટ્રોકેમીકલ વિભાગના ૭ કામોનું લોકાર્પણ કરવામાં આવશે. જેમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા જામનગર જિલ્લાના રૂ.૧૨૫ કરોડના ૨૨૦/૬૬ કે.વી બબરજર સબસ્ટેશન, રૂ.૭૫ કરોડના ખર્ચે ૧૩૨/૬૬ કેવી કનસુમરા સબસ્ટેશન, બબરજરના રૂ.૮૮૭ કરોડના ૨૧૦ મેગાવોટનો ગર્વમેન્ટ વેસ્ટ લેન્ડ સોલાર પીવી પ્રોજેક્ટનો સમાવેશ થાય છે. જ્યારે અમરેલી, જુનાગઢ, ગીર સોમનાથની રૂ.૪૬ કરોડના ખર્ચની ૬૬ કે.વી એચટીએલએસ ટ્રાન્સમીશન લાઈન, મોરબી જિલ્લામાં જાંબુડીયા-વીડીનો રૂ. ૬૯ કરોડના ખર્ચનો ૧૧ મેગાવોટનો ગર્વમેન્ટ વેસ્ટ લેન્ડ સોલાર પીવી પ્રોજેક્ટ, તેમજ કચ્છ જિલ્લામાં રૂ.૫૮ કરોડના ખર્ચે મંજલ પાસે બનેલ ૧૦ મેગાવોટનો ગર્વમેન્ટ વેસ્ટ લેન્ડ સોલાર પીવી પ્રોજેક્ટ તથા લાકડીયા પાસે બનેલા રૂ.૨૦૯ કરોડના ૩૫ મેગાવોટનો ગર્વમેન્ટ વેસ્ટ લેન્ડ સોલાર પીવી પ્રોજેક્ટનું લોકાર્પણ કરાશે. જ્યારે માર્ગ-મકાન વિભાગના કચ્છના રૂ.૫૫ કરોડના ખર્ચે બનેલા લાયજા-મોટા થી કોઠારા વાયા લઠેડી (કોસ્ટલ હાઈવે) તથા રૂ.૫૦ કરોડના ખર્ચ બનેલા હોડકો-ધોરડો ટેન્ટ સીટી રોડનું લોકાર્પણ કરાશે.

વડાપ્રધાન આ કાર્યક્રમ દરમિયાન રૂ.૫૦,૬૬૧ કરોડના ૧૪ કામોનું ઈ-ખાતમુહૂર્ત કરશે. જેમાં પાવરગ્રીડના બે કામનો સમાવેશ થાય છે. રૂ. ૩૫૦૦૦ કરોડના ખર્ચે ૮૦૦ કેવી હાઈ વોલ્ટેજ ડાયરેક્ટર કરન્ટ લાઈન આર.ઈ પાર્ક, ખાવડા થી નાગપુર જશે, તેમજ આર.ઈ પાર્ક ખાતે ૬૦૦૦ મેગાવોટનું ટર્મિનલ સ્ટેશન બનાવવામાં આવશે. જ્યારે રૂ.૪૨૦૦ કરોડના પ્રોજેક્ટમાં ૭૬૫ કે.વી ની આર.ઈ પાર્ક ખાવડાથી પાવરગ્રીડ વટામણ અને ન્યુ નવસારી સબસ્ટેશન સુધી ટ્રાન્સમિશન લાઈન, ઉપરાંત વટામણ ખાતે ૭૬૫ કે.વી સબ સ્ટેશન બનશે. એનર્જી એન્ડ પેટ્રોકેમીકલ વિભાગના ૬ પ્રોજેક્ટનો સમાવેશ થાય છે. જેમાં કચ્છમાં ૩૫૦ કરોડના ખર્ચે ૪૦૦/૨૨૦ કે.વી મેવાસા સબસ્ટેશન, રૂ.૩૯૦ કરોડના ખર્ચે અમદાવાદના ૪૦૦/૨૦૦ કે.વી ધોલેરા સબસ્ટેશન, રૂ. ૮૮૫૦ કરોડના ખર્ચે તાપી-ઉકાઈ ખાતેના ૮૦૦ મેગાવોટના અલ્ટ્રા સુપર ક્રીટીકલ થર્મલ પાવર પ્લાન્ટ યુનીટ/૭, તાપી-ઉકાઈ ખાતેના કોલ હેન્ડલીંગ પ્લાન્ટમાં માર્શલીંગ યાર્ડનું રૂ.૩૯૩ કરોડના ખર્ચે રીમોડલીંગનું કામ. રૂ.૮૫ કરોડના ખર્ચે મહિસાગર ખાતે ૬૦ મેગાવોટ યુનિટનો કડાણા હાઈડ્રો ઈલેક્ટ્રીક પ્લાન્ટ તેમજ કચ્છમાં ગાંધીધામ ખાતે રૂ.૨૪૭ કરોડના ખર્ચે અંડર ગ્રાઉન્ડ ઈલેક્ટ્રીસીટી કેબલ ડિસ્ટ્રીબ્યુટેશન નેટવર્ક પ્રોજેક્ટનું ખાતમુહૂર્ત કરાશે.

માર્ગ અને મકાન વિભાગના હસ્તકના રૂ.૪૩ કરોડના ખર્ચે બનનાર પલાસવા-ભીમાસર-હમીરપુર-ફતેહગઢ રોડ, રૂ.૪૦ કરોડના કોડટા-બીટ્ટા રોડનું કામ, પાણી પુરવઠા વિભાગના રૂ.૬૦ કરોડના અબડાસા તાલુકાના કામ ઉપરાંત દીનદયાલ પોર્ટ ઓથોરીટીના હસ્તકના ત્રણ કામ જેમાં રૂ.૧૫૦ કરોડના ખર્ચનું ૧૦ મેગાવોટનું ગ્રીન હાઈડ્રોજન પ્રોડકશન ફેસીલીટીનું બાંધકામ, પોર્ટ અને સ્ટોરેજ એરીયા વચ્ચે કાર્ગો ટ્રાન્સપોર્ટેશન માટે રૂ.૪૦૦ કરોડના હાયપરલુપ પોડ ટેકનોલોજીની કામગીરી તેમજ રૂ. ૪૫૩ કરોડના ખર્ચે રોડ નંબર.૩ પર ઓવરબ્રીજ તેમજ કંડલા ખાતે ૬ લેન અપગ્રેડેશનની કામગીરીનું ખાતમુહૂર્ત કરાશે.

## દિન દયાળ પોર્ટ ઓથોરિટી કંડલાના ૭ કામોનું લોકાર્પણ કરાશે





કંડલા : ભુજ ખાતે તા.૨૬મી મેના ભુજ-મિરઝાપર રોડ પર યોજાનારા કાર્યક્રમમાં વડાપ્રધાન રૂ.૫૨,૯૫૩ કરોડના કુલ ૩૧ વિકાસકામોની ગુજરાતને ભેટ આપશે. ત્યારે દિનદયાળ પોર્ટ ઓથોરીટી (કંડલા)ના ૭ કામોનું લોકાર્પણ કરવામાં આવશે.

જેમાં રૂ.૨૨૬ કરોડના ખર્ચે જુના કંડલા ખાતે બનેલ ૮ નંબરની ઓઈલ જેટી, રૂ. ૭૭ કરોડના ખર્ચે સ્ટોરેજ ગોડાઉન, રૂ. ૭૫ કરોડના ખર્ચે આદિપુર થી કાર્ગો બર્થ ૧૬ થી એનએચ ૧૪૧ને જોડતો વધારાનો રોડ, રૂ.૧૦૦ કરોડના ખર્ચે એક્ઝિમ કાર્ગોના સંગ્રહ માટે પોર્ટક્ષેત્રના વિસ્તરણનું કામ, રૂ. ૪૧ કરોડના ખર્ચે તુણા - ટેકરામાં કન્ટેનર ટર્મિનલ માટે કનેકટીવીટી માટે કરાયેલી કામગીરી, રૂ.૬.૫ કરોડના ખર્ચે ગોપાલપુરી પોર્ટ કોલોનીમાં બનાવેલા ક્વાર્ટસ તેમજ રૂ.૬.૫ કરોડના ખર્ચે ગાંધીધામ ડીપીએ વહીવટી ઓફીસ ખાતે સેન્ટર ઓફ એક્સલન્સનું લોકાર્પણ કરાશે. આમ, કુલ રૂ.૨૨૯૨ કરોડના ૧૭ કામોનું ઈ-લોકાર્પણ કરાશે.

# વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ભુજ કાર્યક્રમની પૂર્વ તૈયારીઓ માટે જિલ્લા કલેકટરના અધ્યક્ષસ્થાને સમીક્ષા બેઠક યોજાઈ



ભુજ : આગામી તા. ૨૬મી મેના રોજ ભુજ ખાતે યોજાનાર વડાપ્રધાન નરેન્દ્ર મોદીના કાર્યક્રમની પૂર્વ તૈયારીઓના ભાગરૂપે કલેકટર કચેરી ખાતે જિલ્લા કલેકટર આનંદ પટેલના અધ્યક્ષસ્થાને ઉચ્ચસ્તરીય બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં કાર્યક્રમના સુચારુ આયોજન માટે નિમાયેલી ૨૯ વિવિધ વ્યવસ્થાપન સમિતિઓના અમલીકરણ અધિકારીઓએ અત્યાર સુધીની તૈયારીઓની વિગતો રજૂ કરી હતી.

**કાર્યક્રમના સુચારુ આયોજન માટે નિમાયેલી વિવિધ ૨૯ વ્યવસ્થાપન સમિતિઓના અમલીકરણ અધિકારીઓએ આનંદ પટેલ સમક્ષ આયોજનની વિગતો રજૂ કરી**

બેઠકમાં કાર્યક્રમની પૂર્વ તૈયારી, વ્યવસ્થા દેખરેખ અને સંકલન માટે રચાયેલી ૨૯ વ્યવસ્થાપન કામગીરી સમિતિઓના અમલીકરણ અધિકારીઓએ તેમની કામગીરીનો અહેવાલ કલેક્ટર સમક્ષ રજૂ કરી ઉપસ્થિત પદાધિકારીઓ અને કલેકટરને વિભાગ દ્વારા કરાયેલ સમગ્ર આયોજનથી માહિતગાર કર્યા હતા. કાર્યક્રમનું આયોજન વધુ સુદૃઢ બને તે હેતુથી સાંસદ વિનોદભાઈ ચાવડા, ધારાસભ્ય કેશુભાઈ પટેલ અને ત્રિકમભાઈ છાંગાએ અમલીકરણ અધિકારીઓને જરૂરી સૂચનાઓ અને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. સાથે જ કલેકટર આનંદ પટેલે તમામ વ્યવસ્થાપન કામગીરીની સમીક્ષા કરી અમલીકરણ અધિકારીઓને સમયસૂચકતા સાથે નિર્ધારિત સમયમર્યાદામાં કામગીરી પૂર્ણ કરવા પર ભાર મૂક્યો હતો. તેમણે મુખ્ય સ્ટેજ, મંડપ વ્યવસ્થા, આમંત્રિત મહેમાનો અને જનમેદની માટે બેઠક વ્યવસ્થા, સુરક્ષા અને કાયદો વ્યવસ્થાપન, પાર્કિંગ, ટ્રાન્સપોર્ટેશન, આવાસ અને ભોજન, આરોગ્ય વિષયક સેવાઓ, ટ્રાફિક નિયમન, સ્વચ્છતા, સાંસ્કૃતિક કાર્યક્રમ, ફાયર સેફ્ટી, વીજ પુરવઠો, રોડ-રસ્તા સમારકામ, કંટ્રોલ રૂમ અને ઉચ્ચ કક્ષાએ સંકલન સહિતની તમામ વ્યવસ્થાપન કામગીરીની ઝીણવટભરી સમીક્ષા કરી જરૂરી સૂચનો અને માર્ગદર્શન આપીને કાર્યક્રમને સફળ બનાવવા માટે આહ્વાન કર્યું હતું. સાંસદ વિનોદભાઈ ચાવડાએ બેઠકમાં જણાવ્યું હતું કે, કચ્છ જિલ્લાનું સૌભાગ્ય છે કે, દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઓપરેશન સીંદુરની સફળતા બાદ આપણા સરહદી જિલ્લાની મુલાકાત લઈ રહ્યા છે ત્યારે આપણે સૌએ તેમના આગમન માટેની તૈયારીઓ માટે કોઈ કચાસ ન રહે તે દિશામાં કામગીરી કરવી જોઈએ. ઉપરાંત આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં કચ્છીઓ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને આવકારવા અને તેમને સાંભળવા માટે સભા સ્થળે આવશે. આ સભામાં પધારનાર કચ્છીઓને કોઈ તકલીફ નહીં પડે તદનુસાર યોગ્ય વ્યવસ્થા થઈ હોવાનું જણાવ્યું હતું.

આ બેઠકમાં ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડના એમ. ડી. જયપ્રકાશ શિવહરે ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને તેમણે સમગ્ર કાર્યક્રમની તૈયારીઓ અંગે સંતોષ વ્યક્ત કરીને થયેલ પ્લાનીંગ અનુસાર કામગીરી કરવા સૌ અધિકારીઓને કામગીરી કરવા સુચનો કર્યા હતા. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી ઉત્સવ ગૌતમ, પીજીવીસીએલના એમડી કેતન જોશી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક નિકુંજ પરીખ તેમજ સર્વ પ્રાંત અધિકારીઓ અને વિવિધ વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# કચ્છની સાંસ્કૃતિક વૈવિધ્યતા અને દેશભક્તિના રંગો સાથે વડાપ્રધાનને આવકારવા સર્વ સમાજમાં અનેરો ઉત્સાહ







ભુજ : ભુજ ખાતે તા. ૨૬ મેના રોજ યોજાનાર વડાપ્રધાનના કાર્યક્રમની તૈયારીઓને અંતિમ ઓપ આપવા કલેકટર આનંદ પટેલના અધ્યક્ષસ્થાને કચ્છના વિવિધ સમાજો, સામાજિક, ધાર્મિક તથા વ્યવસાયિક સંસ્થાઓના આગેવાનોની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં વડાપ્રધાનના રોડ-શો અને કાર્યક્રમને ઐતિહાસિક બનાવવા કચ્છના નાગરિકોને રચનાત્મક અને ગુણાત્મક સહયોગ આપ વા વહીવટીતંત્ર દ્વારા અપીલ કરવામાં આવી હતી.

**વડાપ્રધાનના કાર્યક્રમને સફળ બનાવવા કચ્છના વિવિધ સામાજિક આગેવાનોની જિલ્લા કલેક્ટર સાથે બેઠક યોજાઈ**

બેઠકમાં સાંસદશ્રી વિનોદભાઈ ચાવડાએ જણાવ્યું કે, "ઓપરેશન સિંદૂર"ની સફળતા બાદ સરહદી જિલ્લા કચ્છમાં વડાપ્રધાનનું આગમન એક ગૌરવની ક્ષણ છે ત્યારે આ કાર્યક્રમ દેશભક્તિનો સંદેશ આપવા સાથે કચ્છની સાંસ્કૃતિક વૈવિધ્યતાને વિશ્વ સમક્ષ રજૂ કરશે. રોડ-શોમાં એક કિલોમીટર લાંબો ત્રિરંગો લહેરાશે, અને વિવિધ સમાજો પોતાના પરંપરાગત પોશાકમાં દેશપ્રેમની ઝાંખી સાથે સાંસ્કૃતિક ઝલક પ્રદર્શિત કરશે. કચ્છ આ કાર્યક્રમ દ્વારા એકતાનો સંદેશ વિશ્વભરમાં પહોંચાડશે.

આ તકે ભુજના ધારાસભ્ય કેશુભાઈ પટેલે જણાવ્યું કે હાલ વહીવટીતંત્ર દ્વારા કાર્યક્રમની તૈયારીઓ ચાલી રહી છે.જેમાં કચ્છના નાગરિકોનો સહયોગ આ કાર્યક્રમને યાદગાર બનાવશે. આગેવાનોએ જ્યાં જરૂરી હોય ત્યાં સ્વયંભૂ જોડાવવું જોઈએ, જેથી કચ્છની એકતા અને ઉત્સાહ વધુ ઝળકશે અને સોનામાં સુગંધ ભળશે. ધારાસભ્ય ત્રિકમભાઈ છાંગાએ ઉમેર્યું કે વડાપ્રધાન કચ્છને પોતાના પરિવારનો હિસ્સો માને છે અને તેઓએ અનેક વિકાસકાર્યોની કચ્છને ભેટ આપી છે. આ કાર્યક્રમમાં પણ કરોડોના વિકાસકામોની કચ્છ જિલ્લાને ભેટ મળવા જઈ રહી છે ત્યારે આપણા સૌ સમક્ષ કચ્છની વિવિધતા અને એકતાને વિશ્વ સમક્ષ રજૂ કરવાની આ એક અનોખી તક છે. દરેક કચ્છીએ આ ઐતિહાસિક ક્ષણનો ભાગ બનવું જોઈએ.

કલેક્ટર આનંદ પટેલે આગેવાનો સમક્ષ કાર્યક્રમની રૂપરેખા રજૂ કરી અને રોડ-શોમાં કચ્છની ભાતીગળ સંસ્કૃતિને આકર્ષણનું કેન્દ્ર બનાવવા સહયોગની અપીલ કરી હતી. તેમણે 'ઓપરેશન સિંદૂર'ની સફળતામાં સેના, સરકાર અને નાગરિકોની એકતાને ઉજાગર કરવાનો પણ ઉલ્લેખ કર્યો. આ બેઠકમાં આગેવાન દેવજીભાઈ વરચંદે જણાવ્યું કે, ૧૦,૦૦૦ બહેનો સિંદૂર અને એકસમાન સાડીમાં આ કાર્યક્રમના માધ્યમથી દેશભક્તિનો સંદેશ આપ શે, જ્યારે નિવૃત્ત સૈનિકો પણ સેનાના શૌર્યને સલામી આપવા હાજર રહેશે. દરેક કચ્છીએ આ કાર્યક્રમમાં જોડાવું જોઈએ.

બેઠકમાં હાજર વિવિધ સમાજો અને સંસ્થાઓના આગેવાનોએ મૂલ્યવાન સૂચનો આપ્યા અને કાર્યક્રમને સફળ બનાવવા સંપૂર્ણ સહયોગની ખાતરી આપી હતી. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી ઉત્સવ ગૌતમ, ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિ.ના એમ. ડી. જયપ્રકાશ શિવહરે, પીજીવીસીએલના એમ.ડી. કેતન જોશી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક નિકુંજ પરીખ, સર્વ પ્રાંત અધિકારીઓ તથા કચ્છના વિવિધ સમાજો અને સંસ્થાઓના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ભુજ શહેર ભાજપ વડાપ્રધાન મોદીજીના સ્વાગત માટે સજ્જ

ભુજ : વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી તા. ૨૬-૫ના ભુજ મધ્યે પધારી રહ્યા છે, ત્યારે સમગ્ર કચ્છ ભાજપમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ભુજ શહેર ભાજપ સંગઠન દ્વારા કાર્યક્રમને સફળ બનાવવા અને વડાપ્રધાનને આવકાર આપવા અનેરા ઉત્સાહ સાથે તૈયારીઓ આરંભી દેવામાં આવી છે. ભુજ શહેર ભાજપના પ્રમુખ મિતભાઈ ઠકકરના અધ્યક્ષ સ્થાને કચ્છ કમલમ ખાતે બેઠકનું આયોજન કરવામાં આવ્યું, જેમાં ભુજ શહેર સંગઠનના હોદેદારો, કરોબારી સભ્યો, શહેરમાં વસતા જિલ્લાના આગેવાનો, મોરચાના આગેવાનો, વિવિધ સેલના આગેવાનોની ઉપસ્થિતિ માં આયોજન અંગે ચર્ચા કરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. મિતભાઈ ઠકકર દ્વારા હાજર સૌ આગેવાનો કાર્યકરોનું સ્વાગત કરી કાર્યક્રમ અંગે પ્રાથમિક માહિતી આપી હતી.

જિલ્લા ભાજપના મહામંત્રી નરેન્દ્રભાઈ પ્રજાપતિએ કાર્યક્રમ અંગે જરૂરી માર્ગદર્શન આપ્યું હતું અને વડાપ્રધાન મોદીને કચ્છ પ્રત્યે વિશેષ લાગણી છે, ત્યારે બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહેવા લાગણી બતાવી હતી. ભુજ શહેર દ્વારા કરવાના કાર્યક્રમો અંગે

**રોડ શો સહિતના કાર્યક્રમોને સફળ બનાવવા આયોજન કરાયું**

વિસ્તૃત માં માર્ગદર્શન આપતા જિલ્લા ભાજપના ઉપપ્રમુખ રાહુલભાઈ ગોરે જણાવ્યું હતું કે ભુજ આવતા વડાપ્રધાન મોદી જયારે ઓપેરશન સિંદૂર દ્વારા દેશનો અને આપણી માતાઓ બહેનો નો ગૌરવ વધાર્યો છે ત્યારે તેમને સત્કારવા સમગ્ર કચ્છમાં ઉત્સાહનો માહોલ છે અને ભુજ શહેર ભાજપ દ્વારા પણ આ અંગે વિશેષ કાર્યક્રમો કરી વિશેષ અભિવાદન કરવા જણાવ્યું હતું. રાહુલભાઈએ જણાવ્યું હતું કે ભુજ શહેર ભાજપ દ્વારા ૧૦૦૦ મીટર લાંબા ધ્વજથી અભિવાદન કરવાના કાર્યક્રમ માં ક્લસ્ટર મુજબ વ્યવસ્થા ગોઠવવામાં આવશે. શહેર ભાજપ સંગઠન દ્વારા આવતી ૨૩ તારીખે તમામ વોર્ડ માં બેઠકો યોજી વધુમાં વધુ લોકો ને આમંત્રણ આપવાની વ્યવસ્થા કરવામાં આવશે. પોત પોતાના વોર્ડમાં હોર્ડિંગ્સ લગાવી આમંત્રણ આપવામાં આવશે. ૨૪ તારીખે ભુજની બજારો માં તેમજ જાહેર સ્થળો પર જઈ સંગઠન દ્વારા આમંત્રણ આપવામાં આવશે, આવતી તારીખ ૨૫/૫ ના મહાદેવ ગેટ નજીક દેશભક્તિના ગીતોનો કાર્યક્રમ કરવામાં આવશે તેવું જણાવ્યું હતું.

બેઠકમાં જિલ્લા ભાજપના ઉપપ્રમુખ ડો. મુકેશભાઈ ચંદે, શીતલભાઈ શાહ, પચાણભાઈ સંજોટ, મંત્રી પ્રફુલસિંહ જાડેજા, વિજુબેન રબારી, નગરપાલિકાના અધ્યક્ષ રશ્મિબેન સોલંકી, કારોબારી ચેરમેન મહીદીપસિંહ જાડેજા, કમલભાઈ ગઢવી, ભાડાના પૂર્વ ચેરમેન કિરીટભાઈ સોમપુરા, શહેર ભાજપના મહામંત્રી જીગર શાહ, વિવિધ મોરચાના તાપસ શાહ, અશોકભાઈ હાથી, હસ્મિતાબેન ગોર, હેતલબેન મેહતા, લીગલ સેલના હેમસિંહ ચૌધરી, ગીરીશભાઈ ઝવેરી, સંદીપ શાહ, નગરપાલિકાના ચેરમેનો દિવ્યરાજસિંહ જાડેજા, કશ્યપ ગોર, ધર્મેશ ગોર, સંજયભાઈ ઠકકર તેમજ કાઉન્સિલરો, શક્તિ કેન્દ્રના પ્રમુખો સહિત મોટી સંખ્યામાં કાર્યકરો હાજર રહ્યા હતા. સંચાલન શહેર ભાજપના મહામંત્રી રિતેનભાઈ ગોર અને આભારવિધિ ઉપપ્રમુખ જયંત ઠકકરે કરી હોવાનું જિલ્લા ભાજપના મીડિયા સહ ઈન્ચાર્જ ચેતનભાઈ કતીરા અને સંજયભાઈ મહેશ્વરીની યાદીમાં જણાવાયું હતું.

# એક સમાન સાડી અને સિંદુરથી સજ્જ બહેનો આપશે દેશભક્તિનો સંદેશ



ભુજ : વડાપ્રધાન મોદી ૨૬મીએ જાહેરસભાને સંબોધન કરશે તે પૂર્વ ભવ્ય રોડ શોનું આયોજન કરાયું છે. કચ્છ મોરબીના સાંસદ વિનોદભાઈ ચાવડાએ જણાવ્યું હતું કે, સવાયા કચ્છી વડાપ્રધાને આવકારવા કચ્છ થનગની રહ્યું છે. વડાપ્રધાનના રોડ શોમાં ૧૦ હજાર બહોનો એક સમાન સાડી અને સિંદુર સાથે સજ્જ જોડાશે. જે દેશભક્તિનો સંદેશ આપશે. સાથે એક કિલોમીટર લાંબો તિરંગો લહેરાવવામાં આવશે.

# વડાપ્રધાન મોદીને આવકારવા ભુજ શહેરને કરાશે શણગાર

ભુજ : આગામી ૨૬મીએ વડાપ્રધાન મોદી કચ્છના પ્રવાસે આવી રહ્યા છે. જિલ્લા મથક ભુજમાં વડાપ્રધાન મોદી રોડશો બાદ જાહેરસભાને સંબોધન કરવાના છે, ત્યારે વડાપ્રધાન મોદીને આવકારવા કચ્છભરમાં આગોતરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. વડાપ્રધાન મોદીને આવકારવા ભુજ શહેરના જાહેર સ્થળોને શણગારવામાં આવશે. શહેરમાં વિશેષ સફાઈ કરાશે.

ભુજ નગરપાલિકાના કારોબારી ચેરમેન મહિદિપસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન મોદી ભુજ આવી રહ્યા છે. ત્યારે ભુજ નગરપાલિકા તંત્ર દ્વારા શહેરમાં સ્વચ્છતા માટે વિશેષ તકેદારી લેવામાં આવી રહી છે. સાથે જ શહેરના જાહેરસ્થળોને શણગાર કરવામાં આવશે. નગરપાલિકાની કારોબારી બેઠકમાં પણ વડાપ્રધાન મોદીના ભુજ પ્રવાસ અંગે નગરપાલિકા લેવલે કરવાની કામગીરી અંગે પરામર્શ કરાયો હતો. વડાપ્રધાન મોદી શહેરમાં રોડ શો કરવાના છે. સાથે જ જંગી જાહેરસભાને સંબોધન કરવાના છે, ત્યારે જિલ્લા વહિવટીતંત્રના સંકલનમાં રહી નગરપાલિકા તંત્ર પણ વડાપ્રધાનના કાર્યક્રમોની તડામાર તૈયારીઓમાં જોતરાયું છે. નગરપાલિકાના સતાધિશો, નગરસેવકો અને કર્મચારીઓને વિવિધ જવાબદારી ફાળવવામાં આવી છે તેવું તેમણે વધુમાં જણાવ્યું હતું.

# પીએમની કચ્છ મુલાકાત માટે ૧૩૦૦ એસટી બસ ફાળવાઈ

**ગામે ગામથી લોકોને ભુજમાં સભા સ્થળે લેવા મુકવા માટે એસટીએ ગોઠવી વ્યવસ્થા**

ભુજ : ભારતના વડાપ્રધાન ઓપરેશન સિંદુર બાદ પ્રથમ વખત ભુજની મુલાકાત કરવાના છે, ત્યારે યોજનાર જાહેરસભાના સ્થળે જનમેદનીને લેવા મુકવા માટે એસટીની સુવિધા રાખવામાં આવી છે, જેમાં ૧૩૦૦ જેટલી બસો ફાળવવામાં આવી છે. સુત્ર પાસેથી મળતી માહિતી મુજબ કચ્છના અલગ અલગ તાલુકા તથા શહેરોમાંથી જનમેદનીને સભા સ્થળ સુધી પહોંચાડવા માટે એસટી વિભાગ દ્વારા ગાંધીધામ માટે ૧૫૦, ભચાઉ - માંડવી માટે ૧૦૦, રાપર માટે ૧૫૦, ભુજ ગ્રામ્ય માટે ૧૫૦, ભુજ શહેર માટે ૬૦, મુંદરા માટે ૧૨૫, લખપત માટે ૩૫, અબડાસા માટે ૫૦, નખત્રાણા માટે ૧૦૦ બસો ફાળવાઈ છે. બસો કચ્છ બહારથી લાવવામાં આવશે તેવું જણાવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે, આટલી બધી બસો ફાળવવાથી સંભવત પ્રવાસીઓની સુવિધા ખોરવાઈ જશે તેવી ભીતિ સેવાઈ રહી છે.

**માંડવીમાં વડાપ્રધાનના કાર્યક્રમ સંદર્ભે મળી બેઠક**



વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી તા. ૨૬-૫ના ભુજ મધ્યે પધારી રહ્યા છે, ત્યારે સમગ્ર કચ્છ ભાજપમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. વડાપ્રધાનને આવકાર આપવા અનેરા ઉત્સાહ સાથે તૈયારીઓ આરંભી દેવામાં આવી છે. ત્યારે કાર્યક્રમના આયોજનના ભાગરૂપે માંડવી તાલુકા ભાજપ અને શહેર ભાજપના ચુંટાયેલા અને સંગઠનના હોદેદારો સાથે સાથે બેઠક માંડવી ધારાસભ્ય અનિરૂદ્ધભાઈ દવેના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી.

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ કાલથી ત્રણ દિવસ દિલ્હી દરબારમાં!

**ભૂપેન્દ્રભાઈ કાલે દિલ્હી જશે, ૨૪મીએ નીતિ આયોગની બેઠકમાં ભાગ લેશેઃ રવિવારે ભાજપ શાસિત રાજયોના મુખ્યમંત્રી સાથે વડાપ્રધાનની બેઠકમાં પણ સામેલ થશે**



ગાંધીનગર : વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી આગામી સોમવારથી બે દિવસ માટે ગુજરાતની મૂલાકાતે આવી રહ્યા છે. તે પૂર્વ આવતીકાલથી ત્રણ દિવસ માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દિલ્હી દરબારમાં જશે.સીએમની દિલ્હીની મૂલાકાતને લઈને મંત્રી મંડળના વિસ્તરણ અને ગુજરાત પ્રદેશ ભાજપના નવા અધ્યક્ષની નિમણુંકની ચર્ચાએ ફરી વેગ પકડયો છે.

આવતીકાલથી ત્રણ દિવસ માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ ત્રણ દિવસ માટે દિલ્હીની મૂલાકાતે જઈ રહ્યા છે. તેઓ શનિવારે ભારત સરકારની નીતિ આયોગની બેઠકમાં ભાગ લેશે. જેમાં તેઓના વિવિધ પ્રોજેકટ અને ગુડ ગર્વનન્સ અંગેની ચર્ચામાં પણ ભાગ લેશે. દરમિયાન ૨૫મીએ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી, કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઈ શાહ અને ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી. નડ્ડા દ્વારા ભાજપ શાસિત રાજયોનાં મુખ્યમંત્રીઓની એક બેઠક બોલાવવામાં આવી છે. જેમાં હાજરી આપશે.

ગુજરાતમાં છેલ્લા ઘણા સમયથી મંત્રી મંડળના વિસ્તરણની વાતો ચાલી રહી છે. આ ઉપરાંત પ્રદેશ ભાજપના નવા અધ્યક્ષની નિયુકતીની પ્રક્રિયા પણ અટકેલી છે. આવામાં મુખ્યમંત્રીની દિલ્હીની ત્રણ દિવસની મૂલાકાતમાં આ મૂદે પણ ચર્ચા કે બેઠક થવાની સંભાવના જણાય રહી છે.

સૌરાષ્ટ્રના હાલ ચાર ધારાસભ્યો રાજય સરકારમાં કેબીનેટ મંત્રી તરીકે જવાબદારી નિભાવી રહ્યા છે. અને એક ધારાસભ્ય રાજયકક્ષાના મંત્રી તરીકે જવાબદારી વહન કરી રહ્યા છે. મંત્રી મંડળના વિસ્તરણમાં કોંગ્રેસનો સાથ છોડી ભાજપમાં આવેલા અર્જૂનભાઈ મોઢવાડિયાને કેબિનેટ મંત્રી બનાવવામાં આવે તે ફાઈનલ મનાય રહ્યું છે. આ ઉપરાંત જયેશભાઈ રાદડિયા અને કાંતિભાઈ અમૃતીયાનો પણ મંત્રી મંડળમાં સમાવેશ કરવામાં આવે તેવી સંભાવના જણાય રહી છે.

છેલ્લા અઢી વર્ષથી ભૂપેન્દ્રભાઈ પટેલ માત્ર ૧૬ મંત્રીઓ સાથે સરકાર ચલાવી રહ્યા છે. વિધાનસભાના સભ્યોની સંખ્યા મુજબ હજી મંત્રી મંડળમાં ૧૦ ધારાસભ્યોનો સમાવેશ કરી શકાય છે. અઢી વર્ષમાં જે મંત્રીનું પ્રદર્શન નબળુ છે તેને મંત્રી મંડળમાંથી હાંકી કાઢવામા આવશે તે નિશ્ચિત મનાય રહ્યું છે.આવામાં કયાં ધારાસભ્યોને મંત્રી મંડળમાંથી રવાના કરવા અને કયાં ધારાસભ્યોનો સમાવેશ કરવો તે અંગે મુખ્ય ટૂંક સમયમાં નિર્ણય લેવામાં આવશે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની સોમ-મંગળવારની ગુજરાતની મૂલાકાત પૂરી થયા બાદ સંભવત આવતા સપ્તાહે મંત્રી મંડળનું વિસ્તરણ કરવામાં આવે તેવી અટકળો ફરી શરૂ થઈ જવા પામી છે.

ગુજરાત પ્રદેશ ભાજપના નવા અધ્યક્ષની નિયુકતી પણ જૂન માસના પ્રથમ સપ્તાહમાં કરી દેવામાં આવે તેવી સંભાવના પણ નકારી શકાતી નથી. ગુજરાતના રાજકારણમાં આગામી દિવસોમાં મોટી ઉથલ પાથલ થવાની શકયતા હાલ દેખાય રહી છે. સરકાર અને સંગઠનમાં મોટા ફેરફાર ચાલી શકે છે.

## રોડ શોના રૂટ પર લારીગલ્લા દુર કરાયા



આગામી સોમવારે વડાપ્રધાન મોદી ભુજ આવી રહ્યા છે, ત્યારે ભુજમાં વડાપ્રધાન મોદીનો રોડ શો યોજનાર હોઈ શહેરના હિલગાર્ડન રીંગ રોડ ઉપરાંત કલેકટર કચેરીથી જાહેરસભાના સ્થળ સુધીના માર્ગ પરથી લારી - ગલ્લા અને પાથરણાવાળાનો નગરપાલિકા તંત્ર દ્વારા ખસેડવામાં આવ્યા હતા. બે દિવસ પૂર્વે નગરપાલિકા દ્વારા તમામ ધંધાર્થીઓને નોટીસ પાઠવવામાં આવી હતી. આજે જાહેર માર્ગ પરથી ખાણીપીણીની રેકડીઓ, ચાના ગલ્લા, તરબૂચ, રમકડા, ફલઝાળ વગેરેના ધંધાર્થીઓને ખસેડવામાં આવ્યા હતા.



રતનાલ મધ્યે ગુજરાત સરકારના પૂર્વ રાજયમંત્રી વાસણભાઈ ગોપાલભાઈ આહિરના દિકરા ત્રિકમભાઈના દીકરા હર્ષ અને દીકરી ખુશીના અંધારી તેરસના આયોજીત લગ્ન પ્રસંગ પૂર્વે સત્કાર સમારોહમાં રાજયસભાના સાંસદ અને ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ શક્તિસિંહ ગોહિલ અને કચ્છ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ યજુવેન્દ્રસિહ જાડેજાએ હાજર રહી પરિવારને અભિનંદન આપવા સાથે હર્ષ અને ખુશીને આશિર્વાદ પાઠવ્યા હતા.

## પાલારા જેલ પાસે થયેલા અકસ્માતના બનાવમાં આરોપીઓના જામીન ફગાવાયા

ભુજ : ભુજ-ખાવડા હાઈવે રોડ પર પાલારા જેલ પાસે ગત ૨૮ એપ્રિલના ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેમાં ટ્રક હડફેટે બાઈક પર જતા ત્રણ લોકોના મોત થયા હતા. આ બનાવમાં આરોપીના જામીન નામંજૂર કરવામાં આવ્યા છે. આ અંગે જાણવા મળતી વિગતો મુજબ સરસપર પુલ પાટિયા પાસે રહેતા ૨૫ વર્ષિય ઈમરાનભાઈ સુમરા તેમના પત્ની ૨૨ વર્ષિય ઝરીનાબેન અને ચાર વર્ષિય દીકરો ઈમ્તિયાઝ બાઈક લઈને ભુજ આવ્યા હતા અને પરત જતી વખતે સામેથી આવતી ટ્રકે ઓવરટેકની લ્હાયમાં બાઈકને ટક્કર મારતા ત્રણેયના કરૂણ મોત થયા હતા. જે ઘટનામાં બી-ડિવિઝન પોલીસમાં ટ્રક નં. જીજે૩૯ - ટી - ૧૫૬૬ ના ચાલક સામે ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. પોલીસે તપાસ કરીને બેદરકારીથી બેફામ ડ્રાઈવર કરી નિર્દોષ વ્યક્તિઓને કચડી નાખનાર આરોપી રાજસ્થાનના ગોપાલસિંહ મદનસિંહ રાવતની ધરપકડ કરી હતી. હાલ આરોપી જ્યુડીશીયલ કસ્ટડીમાં છે. તેણે કોર્ટમાં રેગ્યુલર જામીન અરજી કરતા ગુનાની ગંભીરતા જોઈ અદાલત દ્વારા જામીન નામંજૂર કરવામાં આવ્યા છે. આ કેસમાં સરકાર તરફે અધિક જિલ્લા સરકારી વકીલ સુરેશભાઈ મહેશ્વરીએ હાજર રહી દલીલો કરી હતી.

## જમ્મુ-કાશ્મીરના કિશ્તવાડમાં એનકાઉન્ટર, સિક્યોરિટી ફોર્સીઝે ૩-૪ આતંકવાદીઓને ઘેર્યા

(એજન્સી દ્વારા)

શ્રીનગરઃ ઓપરેશન સિંદુર દરમિયાન ભારતીય સેનાએ પાકિસ્તાન અને PoKમાં આતંકવાદીઓના ઠેકાણાં નષ્ટ કર્યા બાદ, હવે ભારતીય સિક્યોરિટી ફોર્સીઝએ જમ્મુ-કાશ્મીરમાં આતંકવાદ વિરોધી અભિયાન વધુ ઝડપી બનાવ્યું છે. એવામાં ગત મોડી રાત્રે કિશ્તવાડ જિલ્લાના સિંગપોરા વિસ્તારમાં સિક્યોરિટી ફોર્સીઝ અને આતંકવાદીઓ વચ્ચે એક્રાઉન્ટર શરુ થયું. અહેવાલ મુજબ આ વિસ્તારમાં કેટલાક આતંકવાદીઓને ઘેરી લેવામાં આવ્યા છે.આતંકવાદીઓ છુપાયા હોવાની માહિતી મળતા જ આ વિસ્તારને ચારે બાજુથી ઘેરી લેવામાં આવ્યો હતો. સમયાંતરે બંને પક્ષે ગોળીબાર થઈ રહ્યો છે.

## ઈઝરાયલે ગાઝામાં હોસ્પિટલને નિશાન બનાવી કરી એરસ્ટ્રાઈક, ૮૨ લોકોનાં મોત, અનેક ઈજાગ્રસ્ત

(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : ગાઝામાં ઈઝરાયલે હવે હોસ્પિટલોને પણ ટારગેટ કરવાનું શરૂ કર્યું છે. આંતરરાષ્ટ્રીય આક્રોશ વચ્ચે પણ ઈઝરાયેલના જારી હુમલામાં ૮૨ના મોત થયા છે અને તેમાં મુખ્યત્વે મહિલાઓ અને બાળકોનો સમાવેશ થાય છે, એમ ગાઝાના આરોગ્ય મંત્રાલય અને એરિયા હોસ્પિટલોએ જણાવ્યું હતું. ઈઝરાયેલે ગાઝાવાસીઓને આખુ ઉત્તરી ગાઝા ખાલી કરી દેવાનો આદેશ આપ્યો છે.

ઈઝરાયલે અલ અવદા હોસ્પિટલ પર કરેલા ડ્રોન હુમલાના લીધે હોસ્પિટલ સ્ટાફની હિલચાલ મર્યાદિત થઈ ગઈ હતી. હોસ્પિટલના ડિરેક્ટર ફોન પર હતા ત્યારે આ હુમલો થયો હતો. આ ઉપરાંત અગાઉ ઈઝરાયલે દર્દીઓને લઈ જતી એમ્બ્યુલન્સો પર પણ હુમલો કર્યો હતો.

## નરા પોલીસ દ્વારા છેવાડાના વિસ્તારમાં સાયબર ક્રાઈમ બાબતે લોકોને જાગૃત્ત કરાયા

ભુજ : છેલ્લા કેટલાક સમયથી ઠગાઈના બનાવો વધી રહ્યા છે. જેમાં ઠગબાજો દ્વારા અવનવા પેતરા અજમાવીને પરસેવાની કમાણી લૂંટી ગરીબ લોકો સાથે છેતરપિંડી કરવામાં આવતી હોય છે ત્યારે લોકોને આ પ્રમાણે ઠગાઈથી બચવા માટે છેવાડાના નરા ગામે તેમજ આજુબાજુના બોર્ડર વિસ્તારના ગામોમાં નરા પોલીસ દ્વારા સાયબર ક્રાઈમ જાગૃતતા કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.



છેલ્લા ઘણા સમયથી અભ્યાસુ લોકો તેમજ લાલચમાં આવનાર લોકો ઓનલાઈન છેતરપિંડીમાં ઠગાઈ રહ્યા છે. ત્યારે ગ્રામ્ય વિસ્તારમાં પણ હાલ મોટા પ્રમાણમાં લોકો ઓનલાઈન પેમેન્ટ, ઓનલાઈન બેન્કિંગ, તથા અન્ય નાના-મોટા નાણાકીય વ્યવહારો ઓનલાઈન કરવામાં આવે છે. ઠગબાજો પોતાના કાવતરામાં સફળ ન થાય અને નિર્દોષ લોકો ઠગાઈથી બચી શકે તે માટે અંતરિયાળ ગામોમાં ઓનલાઈન ઠગાઈથી બચવા માટે લોકોમાં જાગૃતિ આવે તે માટે અવરનેસ કાર્યક્રમ રાખીને લોકોને માહિતગાર કરવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમમાં પીએસઆઈ વી. ડી. ગોહીલ તથા સ્ટાફના નરેન્દ્રસિંહ પરમાર, નવીનભાઈ પટેલ, નરેશભાઈ ચૌધરી, શાંતીજી ચૌહાણ, પ્રવિણાબેન, ગૌરાંગકુમાર સોલંકી, મહેશભાઈ ચૌધરી, મુકેશભાઈ ગઢવી હાજર રહ્યા હતા.

## રાજયના ૭૫ લાખ રેશનીંગ ગ્રાહકોને 'સ્માર્ટ રેશનકાર્ડ' ઊઇ કોડવાળા અપાશે

(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ : રાજયના ૭૫ લાખ રેશનીંગ ગ્રાહકોને સ્માર્ટ રેશનકાર્ડ કયુઆર કોડ વાળા આપ વામાં આવનાર છે. રેશનીંગની જાહેર વિતરણ વ્યવસ્થા પારદર્શક અને સુવિધાજનક બનાવવા માટે રાજય સરકારના પૂરવઠા વિભાગ દ્વારા આ મહત્વનો નિર્ણય લેવામાં આવેલ છે. જેમાં રાજયમાં હાલ હયાત જૂના રેશનકાર્ડને બદલે નવા બારકોટેડ રેશનકાર્ડ આપ વાનું નકકી કરવામાં આવેલ છે. આ નવા રેશનકાર્ડ સંબંધીત ફોર્મ પણ ઈશ્યુ કરી દેવામાં આવેલ છે.

જો કે તેની અમલવારી હવે પછી કરવામાં આવનાર છે. અરજદારો ઘરે બેઠા આ સ્માર્ટ કાર્ડ મેળવી શકે તે માટે બારકોડ રેશનકાર્ડના સ્થાને E-SIGN BASED તેમજ કયુઆર કોર્ડ વાળા સ્માર્ટ રેશનકાર્ડ ઈશ્યુ કરવા માટે નીતિગત મંજૂરી આપી દેવામાં આવી છે. અહીં એ ઉલ્લેખનીય છે કે, રાજય સરકાર દ્વારા રેશનીંગના ગ્રાહકોને સ્માર્ટ રેશનકાર્ડ આપવાની યોજના છેલ્લા લાંબા સમયથી વિચારણા હેઠળ હતી. તેના પર અંતે રાજય સરકારની મંજૂરીની મહોર મારી દેવામાં આવી છે.રાજય સરકારના આ નિર્ણયથી રેશનકાર્ડની પ્રક્રિયા વધુ સરળ, ઝડપી અને ડીજીટલ બનશે. જેનો સીધો લાભ રાજયના લાખો રેશનીંગ ગ્રાહકોને મળશે. નવા સ્માર્ટ રેશનકાર્ડ અંગેની કામગીરી રાજય સરકાર દ્વારા આગામી ટુંક સમયમાં જ હાથ ધરવામાં આવનાર હોવાનું જાણવા મળ્યું છે. રાજય સરકારના પુરવઠા વિભાગ દ્વારા રેશનીંગ ગ્રાહકો માટે આ સ્માર્ટ રેશનકાર્ડ યોજના અમલમાં મુકવા માટે મંજૂરીની મહોર મારી દેવામાં આવી છે પરંતુ રાજકોટ જીલ્લામાં રેશનીંગના અનેક દુકાનદારો એવા છે કે જેઓને મે માસનો રેશનીંગનો પુરવઠો પણ હજુ મળી શકયો નથી. જેના પગલે ગરીબ કાર્ડ ધારકોમાં દેકારો બોલી જવા પામેલ છે ત્યારે રેશનીંગના પુરવઠાની વિતરણ પ્રણાલીને સુદ્રઢ બનાવવા માટે પુરવઠા વિભાગે તાબડતોબ પગલા લેવા જરૂરી છે.-

## મુન્દ્રામાં બે દંપતિ પર હુમલો કરનાર શખ્સ સામે ગુનો નોંધાયો

ભુજ : મુન્દ્રામાં ચાઈનાગેટ પાસે આવેલા સોધમ ફળિયામાં બે દંપતિ પર હુમલો કરવામાં આવ્યો હતો. જેમાં ફરિયાદ નોંધાઈ છે. આ બાબતે મુન્દ્રા પોલીસમાંથી જાણવા મળતી વિગતો મુજબ આરોપી રમેશ દેવજી સોંધરાએ બિભત્સ ઈશારા કર્યા હોવાથી તેને ઠપકો આપવા જતા આરોપીઓએ બોલાચાલી કરી ધકબુસટનો માર માર્યો હતો. તેમજ લાકડાનો ધોકો મારતા મહિલાને માથામાં ૧૧ ટાંકા આવ્યા હતા. માર મારવા સાથે ગાળાગાળી કરી જાનથી મારી નાખવાની ધમકી અપાતા મુન્દ્રામાં પોલીસમાં ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

## અમેરિકામાં વધુ એક ગુજરાતીની લૂંટના ઇરાદે ગોળી મારી હત્યા

અમદાવાદ : અમેરિકામાં વધુ એક ગુજરાતીની ગોળી મારીને હત્યા કરવામાં આવી છે, ટેનેસીના લિવિસબર્ગમાં મે ૨૦ના રોજ બનેલી આ ઘટનામાં મોતને ભેટેલા યુવકનું નામ પરેશ ઉર્ફે પ્રિન્સ પટેલ હતું જે કલોલ નજીકના ડીંગુચા ગામનો વતની હતો.

માત્ર ૩૦ વર્ષની ઉંમરનો પરેશ ગેસ સ્ટેશનમાં જોબ કરતો હતો, જયાં રોબરી કરવા આવેલા એક વ્યક્તિએ પરેશ પર આડેધડ ફાયરિંગ કરતાં તે ત્યાં જ ઢળી પડ્યો હતો.

મૃતક પરેશ પટેલ પાંચ વર્ષની દીકરી અને પત્ની સાથે અમેરિકામાં રહેતો હતો, તેના આકસ્મિક મોતથી તેની ફેમિલીએ પોતાના એક માત્ર સહારાને ગુમાવ્યો છે. ટેનેસીની પોલીસે પ્રિન્સ પટેલની હત્યા કરવાના ગુનામાં એક શકમંદની ધરપકડ કરી છે.

## ખેડૂતોને મોટી રાહતઃ ઉત્તર ગુજરાતના ૯૫૦થી વધુ તળાવો અને સૌરાષ્ટ્રના ચેકડેમો નર્મદા જળથી છલકાશે

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદઃ હાલ ગુજરાતના અનેક ભાગોમાં માવઠાની આફત છે અને ખેતી પાકોને વ્યાપક નુકસાન પહોંચ્યું છે. જો કે આ દરમિયાન રાજ્ય સરકારે ખેડૂતો માટે એક મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. ઉનાળાની ઋતુમાં ખેડૂતોને પાક વાવેતરમાં મદદરૂપ થવા અને પીવાના પાણીની સમસ્યા નિવારવા માટે ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રના ખેડૂતોને આગામી ૩૦ જૂન, ૨૦૨૫ સુધીમાં ૩૦,૬૮૯ MCFT નર્મદાનું પાણી સિંચાઈ અને પીવાના ઉપયોગ માટે ફાળવવામાં આવશે. આ નિર્ણયથી આ બંને પ્રદેશોના વિશાળ ખેતીલાયક વિસ્તારને મોટો ફાયદો થશે.મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ સમક્ષ ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્ર વિસ્તારના ખેડૂતો અને અગ્રણીઓ દ્વારા કરાયેલી રજૂઆતો બાદ રાજ્ય સરકારે તેનો પ્રતિસાદ આપતા આ ખેડૂત હિતલક્ષી નિર્ણય લીધો હતો. ઉત્તર ગુજરાત માટે ૧૪,૫૩૯ સ્ક્રઙ્ગ નર્મદાનું પાણી ફાળવવામાં આવશે. આ પાણી નર્મદા મુખ્ય નહેર આધારિત ઉદ્વહન પાઈપલાઈન મારફતે ૯૫૦થી વધુ તળાવો અને સુજલામ સુફલામ સ્પ્રેન્ડિંગ કેનાલથી પૂરક સિંચાઈ અને પીવાના હેતુસર પહોંચાડવામાં આવશે. સૌરાષ્ટ્ર માટે ૧૬,૧૫૦ સ્ક્રઙ્ગ પાણી આપવામાં આવશે. આ પાણી સૌરાષ્ટ્ર વિસ્તારના ૨૪૩ તળાવો અને ૧,૮૨૦ ચેકડેમમાં નર્મદા જળ પહોંચાડીને ખેડૂતોને સિંચાઈનો લાભ આપશે.

## વડાપ્રધાનની કચ્છની મુલાકાતને અનુલક્ષીને ડ્રોન ઉડાવવા પર પ્રતિબંધ

ભુજ : ૨૬મી મેના વડાપ્રધાન ભુજ શહેર ખાતે સંભવિત મુલાકાતે આવનાર છે, જેથી મહાનુભાવોની સંભવિત મુલાકાત કાર્યક્રમ દરમિયાન કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે હેતુથી પશ્ચિમ કચ્છ પોલીસ હદ વિસ્તારમાં "નો ડ્રોન ઝોન" જાહેર કરવા જરૂરી જણાય છે.

જિલ્લા મેજિસ્ટ્રેટ આનંદ પટેલ દ્વારા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા - ૨૦૨૩ની કલમ-૧૬૩થી અન્વયે પશ્ચિમ કચ્છ પોલીસ હદ વિસ્તારમાં આવતા સમગ્ર વિસ્તારને તા. ૨૩થી ૨૬-૫ સુધી "નો ડ્રોન ઝોન" જાહેર કરેલ છે. રીમોટ કન્ટ્રોલથી ચલાવવામાં આવતા ડ્રોન, ક્વાડકોપ્ટર, પાવર્ડ એરક્રાફ્ટ તેમજ માનવ સંચાલિત માઈક્રોલાઈટ એરક્રાફ્ટ, હેંગ ગ્લાઈડર / પેરાગ્લાઈડિંગ, પેરા મોટર, પેરા જમ્પીંગ તથા હોટ એર બલુન પર પ્રતિબંધ ફરમાવેલ છે. આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ - ૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

## આહિરાતના ગામડામાં ઝળકી ઉઠી પરંપરા



અંધારી તેરસના હવે ગણતરીના કલાકો બાકી છે ત્યારે આહિર સમાજ દ્વારા આ એક દિવસે ભુજ, નખત્રાણા, અંજાર તાલુકામાં ૫૦૦થી વધુ લગ્નો લેવાના છે ત્યારે આજે ધાણેટી ગામથી લગ્નપ્રસંગમાં બળદગાડા દ્વારા પાસેના ગામમાં જતી આહિરાણીઓ પોતાની પરંપરાગત વેશભૂષામાં સાથે જતી જોવા મળી રહી છે. આહિરાતના દરેક ગામોમાં આવા દ્રશ્યો જોવા મળી રહ્યા છે.

## કચ્છવાસીઓને બે દિવસ બાદ બફારામાંથી રાહત મળશે

ભુજ : કચ્છભરમાં આજે સવારથી જ ગરમીનું મોજુ ફરી વળ્યું છે. સવારના સમયે જ ૩૪ ડિગ્રી તાપમાન નોંધાયું છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર બપોર સુધીમાં ૪૦ ડિગ્રી સુધી પહોંચી શકે છે. તો તા. ૨૪ અને ૨૫મીના કમોસમી વરસાદની શકયતા છે. ગઈકાલે ભુજમાં ૪૦.૨ ડિગ્રી સેલ્સીયસ નોંધાયું હતું, જેના કારણે લોકોએ ગરમી સાથે લૂની તીવ્ર અનુભવો કર્યો હતો. રાજયની તુલનાએ ગરમ શહેરમાં ભુજ ચોથા ક્રમે રહ્યું હતું.

અરબી સમુદ્રમાં સર્જાયેલા દબાણના કારણે છેલ્લા કેટલાક દિવસથી કચ્છ સહિત રાજયના વાતાવરણમાં પલટો આવ્યો છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આ દબાણ હવે મજબૂત બની ડિપ્રેશનમાં ફેરવાશે. અને તેની અસર આગામી દિવસોમાં જોવા મળશે. પવન, ગાજવીજ સાથે વરસાદની શકયતા છે. આજથી ૨૭મી વચ્ચે રાજયમાં ભારે પવન સાથે કમોસમી વરસાદની આગાહી કરી છે, તેમાં ખાસ કરીને ૨૪ અને ૨૫મી મેના વરસાદની તિવ્રતા વધુ રહેવાની શકયતા જણાઈ રહી છે. તંત્ર દ્વારા ખેડૂતો, પ્રવાસીઓ અને તળાવ નદી, પુલિયા નજીક રહેતા લોકો માટે સતર્ક રહેવા અપીલ કરી છે.

## પહેલા પાનાથી...ફરી સરહદ પર પીએમ

**કેવો યોગાનું યોગ..! બાલાકોટ એરસ્ટ્રાઈક બાદની મોદીની પ્રથમ જનસભા રાજસ્થાન સરહદે જ યોજાઈ હતી, આ વખતે પણ ઓપરેશન સિંદુર થયુ તે બાદની પ્રથમ જનસભા પણ બિકાનેરમાં યોજાઈ**

### બીકાનેરમાં મોદીના ઉદબોધનના મુખ્ય અંશ

-મોદીએ બિકાનેરમાં પહેલગામ આતંકી હુમલો અને ઓપરેશન સિંદુરનો કર્યો ઉલ્લેખ - ભારત પરમાણુ બોમ્બથી ડરવાનુ નથી - જે સિંદુર મીટાવવા નીકળ્યા હતા તેને માટીમાં ભેળવી દેવાયા છે - જો ભારતમાં આતંકી હુમલા થશે તો કડક જવાબ અપાશે, સ્થળ-સમય-નિયમો-શરતો ભારત નકકી કરશે - પાકીસ્તાન સાથે ન ટ્રેડ ન ટોક થશે, માત્ર પીઓકે પરત લેવાની વાત થશે - દુનીયા સમક્ષ પાકની પોલ ખોલવા ભારતનુ પ્રતિનિધી મંડળે પ્રસ્થાન કર્યુ - સેનાના ચક્રવ્યુથી પાકીસ્તાનને ભારતે ઘુંટડીયે લાવી દીધુ છે - હવે ભારતે આતંક સામે લડવાના ત્રણ સિંદ્ધાતો ઓપરેશન સિંદુર બાદ નકકી થઈ ગયા - ભારતના હકકનુ જળ પાકીસ્તાનને નહી અપાય- ભારત કોઈ પણ પ્રકારની મધ્યસ્થી આતંક-પાકીસ્તાન મુદ્દે નહી સ્વીકારે

છે. આજની રાજસ્થાન મુલાકાત દરમિયાન પીએમ મોદીનો સમય ખૂબ જ વ્યસ્ત રહ્યો છે.તેમનો પ્રવાસ સવારે ૯:૪૫ વાગ્યે નાલ એરબેઝ પર ઉતરાણ કર્યુ હતુ. જ્યાં તેઓ વાયુસેનાના કર્મચારીઓ સાથે વાતચીત કરી હતી.૯:૫૫ વાગ્યે હેલિકોપ્ટર દ્વારા દેશનોક જવા રવાના થયા હતા. તેઓએ અહીના સુપ્રસિદ્ધ કરણા માતા મંદીરે શીષ જુકાવી પુજા અર્ચન દર્શન કર્યા હતા. જે બાદ તેઓએ ૧૧:૦૦ વાગ્યે દેશનોક રેલ્વે સ્ટેશનનું ઉદ્ઘાટન કર્યુ હતુ. રાજસ્થાનના પલાણા ખાતે વડાપ્રધાનશ્રીએ જાહેરસભાને સંબોધન કર્યુ હતુ. કચ્છના સામખીયાળી સહિત ગુજરાતના ૧૮ મળી અને દેશના ૧૦૦ જેટલા અમૃત સ્ટેશનોનું વડાપ્રધાને અહી લોકાર્પણ કર્યુ હતુ.

## ધારાસભ્યોની ગ્રાન્ટમાંથી કરવામાં આવતા વિવિધ વિકાસકાર્યોની સૂચિમાં'જળસંચય'નો સમાવેશ

ગાંધીનગર : વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમ હેઠળ ધારાસભ્યશ્રીઓ પોતાના મતવિસ્તારમાં સામૂહિક વિકાસના મહત્વના નાના કામો માટે દરેક ધારાસભ્યો ને મતવિસ્તાર દીઠ ચોક્કસ વાર્ષિક રકમ ફાળવવાની યોજનામાં વર્ષ ૨૦૨૫-૨૬થી વધારો કરીને રૂ.૨.૫૦ કરોડ કરવામાં આવ્યો છે. આ ગ્રાન્ટમાંથી જિલ્લામાં વિવિધ વિકાસ કાર્યો કરવાની સૂચી તૈયાર કરવામાં આવી છે જેમાં "જળસંચય"ના કામો ઉમેરવામાં આવ્યા છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ જળ એ જ જીવનના સૂત્રના મહત્વને સમજીને "જળસંચય"ને પ્રાધાન્ય આપ્યું છે. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ તેમજ જળ સંપત્તિ અને પાણી પુરવઠા મંત્રી કુંવરજીભાઈ બાવળીયા તથા રાજ્ય મંત્રી મુકેશભાઈ પટેલના નેતૃત્વમાં જિલ્લામાં જળસંચયને લગતા વિકાસ કાર્યો વધુ સારી રીતે થઈ શકે તેવા હેતુથી મહત્વપૂર્ણ નિર્ણય કરવામાં આવ્યો છે. જે હેઠળ ધારાસભ્યો ને મતવિસ્તાર દીઠ ફાળવવામાં આવતી ગ્રાન્ટમાંથી જળસંગ્રહ ક્ષમતા વધારવાના અને "કેચ ધ રેઈન" દ્વારા ભૂગર્ભ જળસંગ્રહમાં વધારો થાય, રેઈન વૉટર હાર્વેસ્ટિંગ થાય તેવા સામુહિક વિકાસના કામો માટે રૂ.૫૦ લાખની લઘુત્તમ રકમ વપરાય તેવી જોગવાઈ કરવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ગામ તળાવો અને સીમ તળાવો ઊંડા અને છીદ્રાળુ કરવાની કામગીરીમાં લોકફાળા પેટે જરૂરી રકમ સામે ખૂટતી રકમ ધારાસભ્યશ્રીઓની ગ્રાન્ટમાંથી ૧૦ ટકાની મર્યાદામાં ફાળવી શકાશે. જળસંચયના સૂચવાયેલા વિકાસ કાર્યોમાં એક કામ માટે રૂ. ૫ લાખની નાણાકીય મર્યાદા નક્કી કરવામાં આવી છે. ધારાસભ્યો પોતાની ગ્રાન્ટમાંથી સૂચવી શકે તેવા વધારાના કામોની અદ્યતન સુચીમાં "જળસંચય"ના કામોની સૂચી તૈયાર કરવામાં આવી છે. જેમાં ગામના તળાવોને ઊંડા કરવાના તથા તળાવમાં પાણી ભરવા માટેના વોકળા, ગટર, નાળીયા ઊંડા ઉતારવાના અને સિંચાઈના કામ, ચેકડેમના કામ, સરકારી બિલ્ડીંગ ઉપર વરસાદી પાણીના સંગ્રહ માટે વોટર હાર્વેસ્ટીંગને લગતા કામ, ગામના પીવાના પાણીના કુવા ઊંડા ઉતારવા, બાંધવા તથા પાણીનો પીવા માટે ઉપયોગ કરવાલક્ષી સુધારણાના કામો કરવામાં આવશે.

## દિલ્હી-એનસીઆરમાં વાવાઝોડાં-વરસાદને કારણે ૯ લોકોએ ગુમાવ્યાં જીવ

નવીદિલ્હી : દિલ્હી-એનસીઆર સહિત ઉત્તર ભારતના ઘણા રાજ્યોમાં બુધવારે રાત્રે હવામાન અચાનક બદલાઈ ગયું છે. ભારે વરસાદ અને વાવાઝોડાને કારણે જનજીવન પ્રભાવિત થયું હતું. તેમજ ઘણા વિસ્તારોમાં વીજ પુરવઠો ખોરવાઈ ગયો છે તેમજ વાવાઝોડાને કારણે વૃક્ષો, હોર્ડિંગ્સ અને બોર્ડ પડી ગયા હોવાથી ટ્રાફિકજામની સમસ્યા સર્જાઈ હતી.

## પહેલા પાનાથી...

**સંભવત વાવાઝોડાનું સંકટ**

મુખ્યમંત્રીએ ગાંધીનગરના સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટરમાં પણ કંટ્રોલરૂમ ૨૪૮૭ કાર્યરત રહે અને આ જિલ્લાઓ સાથે સતત સંપર્કમાં રહે તેવી સૂચનાઓ આપી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે હવામાન વિભાગ દ્વારા ત્રણ દિવસ અગાઉ પણ ગુજરાત પર લો પ્રેસર સિસ્ટમના કારણે કેટલાક વિસ્તારોમાં ભારે પવન ફૂંકાવા સાથે ભારે વરસાદની આગાહી કરવામાં આવી હતી.

**વ્હાઈટ હાઉસમાં**

વસ્યા છે અને તે મોટાભાગે વિશાળ ખેતરો ધરાવે છે. જો કે દ.આફ્રિકન પ્રમુખે પોતે આ વિડીયો કદી જોયો નથી અને તેમાં જે દ્રશ્યો દર્શાવાય છે તેના પર તપાસની ખાતરી આપી હતી. જો કે બાદમાં તેઓએ પત્રકારો સાથેની વાતચીતમાં પણ ડોનાલ્ડ ટ્રમ્પ સાથેની આ મુલાકાતને અત્યંત સારી ગણાવી હતી.

વોશિંગ્ટનમાં તેમની હોટેલમાં પહોંચ્યા બાદ તેઓએ ટ્રમ્પના વર્તનને નજર અંદાજ કર્યુ હતું. તેઓએ કહ્યું કે, પ્રમુખ સાથે વ્યાપાર અને મૂડીરોકાણ ઉપરાંત ગોલ્ફ પર વાતચીત કરી હતી.

**મંજૂરી વગર બંધાયેલા**

સરકારી જમીન પચાવી હોય, સરકારી ખરાબાની જમીન હોય કે સ્થાનિક સત્તામંડળની જમીન પચાવી પાડી હોય અને તેના પર મકાન બાંધીને રહેતા હોય તેવા લોકોને આ સુધારાઓનો લાભ મળશે નહીં.

આવા બાંધકામોને નિયમિત કરવા માટે પરિવર્તનીય વિસ્તાર તરીકે જાહેર કરી તેને વિનિયમિત કરી આપવા અને તેને કાયદેસરતા આપવાના હેતુ જે તે સમયે કાયદાની અજ્ઞાનતાને કારણે જરી હોય તેવી લેવાપાત્ર કાયદાકીય મંજૂરી લીધા વિના રહેણાકના બાંધકામો કરવામાં આવ્યા હતા.

જરિયાતમદં લોકો દ્વારા આવા કાયદાકીય મંજૂરી વગરના મકાનો બાંધકામો યોગ્ય અવેજ આપીને ખરીધા હતા અને તેનો રહેણાકના હેતુ માટે તેનો ઉપ યોગ કરવામાં આવતો હતો. આથી હવે રાજય સરકારે આવા મકાનોમાં રહેતા નાગરિકોના રહેઠાણને કાયદેસરતા આપવાની જરિયાત અનુભવી હતી.

જેને પૂરી કરવા માટે સરકારે આ જમીન મહેસૂલ સુધારા કાયદાની સુધારેલી જોગવાઈઓનો અમલ ૨૨ મેથી કરવાનું નક્કી કયુ છે. જેમણે પોતાની જમીન પર બાંધકામ કયુ છે, પણ જરી પરવાનગીઓ લેવાનું કોઈને કોઈ કારણોસર ચૂકી ગયા છે, પોતાની જમીનના પ્લોટ પાડીને કોઈએ વેચ્યા, તેના પર પ્લોટ લઈને મકાન બનાવ્યું, એ વ્યકિતને ખ્યાલ નથી કે વેચનારે બિનખેતીની પરવાનગી લીધી નથી કે બીજી નિયમ અનુસારની પરવાનગીઓ લીધી નથી, અજાણતા શરત ભગં થયો છે. કાયદાની જાણકારીના અભાવે શરત ભગં થયો છે અથવા તો ઈરાદાપૂર્વક ન થઈ હોય તેવી ભૂલને કારણે તેમને સહન કરવું ન પડે તે આ કાયદાના સુધારાઓના અમલનો મૂળ હેતુ છે.

## રાજ્યમાં RTE હેઠળ બીજા રાઉન્ડમાં વધુ ૭,૦૦૬ બાળકોને પ્રવેશ અપાયો

ગાંધીનગરઃ RTE એક્ટ-૨૦૦૯ અન્વયે બિન અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાઓમાં ૨૫ ટકા લેખે ધોરણ-૧માં નબળા અને વંચિત જૂથનાં બાળકોને પ્રવેશ આપવા માટે રાજ્ય સરકાર દ્વારા સઘન પ્રયત્નો હાથ ધરવામાં આવ્યા છે. જે અંતર્ગત તા. ૨૧ મે, ૨૦૨૫ના રોજ યોજાયેલા RTE પ્રવેશ પ્રક્રિયાના બીજા રાઉન્ડ બાદ વધુ ૭,૦૦૬ જેટલા બાળકોને પ્રવેશ ફાળવવામાં આવ્યો છે. આ બીજા રાઉન્ડમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓએ તા. ૨૮ મે, ૨૦૨૫, બુધવાર સુધીમાં જે તે શાળામાં શાળા સમય દરમિયાન રૂબરૂ હાજર થઈ જરૂરી આધાર પુરાવા જમા કરાવી પ્રવેશ નિયત કરાવી લેવાનો રહેશે. RTE પ્રવેશ પ્રક્રિયા અંતર્ગત ઉપલબ્ધ જગ્યાઓ પૈકી બીજા રાઉન્ડની પ્રવેશ ફાળવણી બાદ અરજદારોની પસંદગીના અભાવે સમગ્ર રાજ્યમાં ગુજરાતી માધ્યમની ૭૨૮, અંગ્રેજી માધ્યમની ૪,૫૬૪, હિન્દી માધ્યમની ૧,૯૨૦ અને અન્ય માધ્યમની ૧૬૬ એમ કુલ ૭,૩૭૮ જેટલી જગ્યાઓ ખાલી રહેવા પામેલ છે. રાજ્ય સરકારનાં પ્રયાસોથી વાલીઓમાં જાગૃતિ આવતા શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬માં રાજ્યની કુલ ૯,૮૧૪ જેટલી બિન અનુદાનિત પ્રાથમિક શાળામાં જુદા જુદા માધ્યમમાં કુલ ૯૪,૭૯૮ જેટલી જગ્યાઓ RTE હેઠળ ઉપલબ્ધ હતી. જે પૈકી વિદ્યાર્થીઓની પસંદગી અને ૬ કિમીની ત્રિજયાના વિસ્તારમાં ઉપલબ્ધ શાળાઓમાં નિયમોને ધ્યાનમાં લઈ પ્રથમ રાઉન્ડમાં ૮૬,૨૬૪ જેટલા વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવવામાં આવ્યો છે. જેમાંથી નિયત સમયમર્યાદામાં ૮૦,૪૫૩ જેટલા વિદ્યાર્થીઓએ જે-તે શાળામાં રૂબરૂ જઈ પ્રવેશ મેળવી લીધો છે.

# લખપતના આશાલડીમાં ગેરકાયદે બેન્ટોનાઈટનું ખનન પકડાયું

**પશ્ચિમ કચ્છ ખાણ ખનિજ વિભાગનો સપાટો : ૩ ડમ્પર, ૧ જેસીબી અને ૧ એકસ્કેવેટર મશીન કબ્જે કરાયા**



ભુજ : પશ્ચિમ કચ્છના છેવાડાના વિસ્તારોમાં ખનિજચોરીનું દુષણ વ્યાપક બન્યું હોવાની ફરિયાદો વચ્ચે ખાણ ખનિજ વિભાગની તપાસ ટીમે ગેરકાયદેસર ખનિજ તસ્કરીનો પર્દાફાશ કર્યો હતો. લખપત તાલુકાના આશાલડી વિસ્તારમાં બેન્ટોનાઈટનું ખાણ કામ અને વહન કરવાના કારસાનો ભંડાફોળ કર્યો હતો. આ અંગે મળતી વિગતો મુજબ તા. ૨૦ અને ૨૧ના પશ્ચિમ કચ્છ ખાણ ખનિજ વિભાગની તપાસ ટીમે આશાલડી ગામે તપાસ હાથ ધરી હતી, જેમાં આ વિસ્તારમાં બેન્ટોનાઈટ ખનિજનું ગેરકાયદેસર ખાણ કામ કરી વહન કરવાનો કારસો નિષ્ફળ બનાવ્યો હતો. તપાસ ટીમે સ્થળ પરથી ૩ ડમ્પર, ૧ જેસીબી બેકહાઈ અને ૧ એકસ્કેવેટર મશીન કબ્જે કર્યું હતું. જેને દયાપર પોલીસ સ્ટેશન પર કસ્ટડીમાં મુકવામાં આવ્યા છે. આ અંગે આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ખાણ ખનિજ વિભાગના સપાટાથી લખપત પંથકમાં ખનિજચોરી કરતા તત્ત્વોમાં ફફડાટ ફેલાઈ ગયો છે.

## ભુજમાં પૂરપાટ જતી સ્કોર્પિયો હડફેટે બે વ્યક્તિ ઘવાયા

ભુજ : શહેરમાં આત્મારામ સર્કલથી અમનનગર ચાર રસ્તા જતા રોડ પર હિન્દુસ્તાન સોસાયટીના ગેટ આગળ બુધવારે સાંજના અકસ્માત થયો હતો. ફરિયાદી જુબેરભાઈ સુલેમાનભાઈ માંજોઠીના જણાવ્યા પ્રમાણે આરોપી સ્કોર્પિયો ગાડી જીજે૩૯ - સીબી - ૯૧૨૬ ના ચાલકે પોતાની ગાડી પૂર ઝડપે ચલાવી ફરિયાદીની એક્સેસને ટક્કર મારતા પીઠ અને કમ્મરના ભાગે તથા પાછળ બેઠેલ સાહેદને ફ્રેક્ચર સહિતની ઈજાઓ થઈ હતી. અકસ્માત સર્જીને ચાલક ગાડી લઈને ભાગી ગયો હતો. જેથી બી-ડિવિઝન પોલીસમાં ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

# પડાણા પાસે ગેરકાયદે રીતે સંગ્રહ કરેલ ૨,૮૯૦ લિટર શંકાસ્પદ સીપીયુ તેલ પકડાયું





## ત્રણ ઈસમોને ઝડપી લેવાયા, અંજારના શખ્સની સંડોવણી ખુલી

ગાંધીધામ : તાલુકાના પડાણા એકવાઝેલ કંપની સામે આવેલ ઓરડીઓ તથા વાહનોમાંથી ગેરકાયદે રીતે સંગ્રહ કરીને રાખેલ ૨,૮૯૦ લિટર શંકાસ્પદ સીપીયુ તેલ પકડાયું હતું.આ સાથે બી-ડિવિઝન પોલીસ દ્વારા ત્રણ ઈસમોની અટકાયત કરવામાં આવી હતી. આ બાબતે જાણવા મળતી વિગતો મુજબ ગાંધીધામ બી-ડિવિઝન પોલીસને માહિતી મળી હતી કે, પડાણા એકવાઝેલ કંપની સામે આવેલ ભાડાની ઓરડીઓમાં મુકેશ ચોવટીયાના નામના શખ્સે ગેરકાયદે રીતે શંકાસ્પદ સીપીયુ તેલ મેળવ્યું છે. ઉપરાંત ઈસુઝુ ગાડીમાં તેલની હેરફેર કરે છે. જે બાતમીના આધારે દરોડો પાડતા મેઘપર (બો)ના મુકેશ વિઠ્ઠલભાઈ ચોવટિયા, મચ્છુનગરના સંજય હજારીલાલ માળી અને શાંતિધામ ગળપાદરના વિકાસ ભોજરાજસિંગ પાલની ધરપકડ કરવામાં આવી હતી. આ સ્થળેથી ૩૫ લિટરના સીપીયુ તેલ ભરેલા ૧૨ કેરબા, ૨૦ લિટરનો એક કેરબો, ૨૦૦ લિટરની ક્ષમતાવાળા ૧૩ કેરબા, ૩૫ લિટરની કેરબા વાળા ૧૩૧ ખાલી અને ૨૦ લિટરની ક્ષમતાવાળા ૪૪ ખાલી કેરબા કબજે કરવામાં આવ્યા હતા. ત્રણેય ઈસમોની પુછરપરછ કરતા અંજારના જિગર નટુભાઈ ઠક્કરને માલ વેચવાનો હોવાની કબૂલાત આપી હતી. પોલીસે સીપીયુ તેલ સાથે જીજે૧૨ - બીજી - ૫૨૨૬ નંબરની ઈસુઝુ ગાડી સહિત ૫,૩૯,૭૦૦ નો મુદ્દામાલ કબજે કર્યો છે. બી-ડિવિઝન પોલીસ દ્વારા ગુનો દાખલ કરીને આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ કામગીરીમાં બી-ડિવિઝન પીઆઈ એસ.વી. ગોજિયા, પીએસઆઈ એલ.એન.વાઢિયા સહિતના જોડાયા હતા.

## પલિવાડ પાસે કાર હડફેટે બાઈક પર જતા આધેડનું મોત

ભુજ : નખત્રાણા તાલુકાના પલિવાડ ગામથી યક્ષને જોડતા રોડ પર અકસ્માત થયો હતો. ગત ૧૫ મેના પોણા આઠ વાગ્યાના અરસામાં આ બનાવ બન્યો હતો. પલિવાડ ગામે રહેતા ૫૦ વર્ષિય ઈબ્રાહીમભાઈ રમજુભાઈ જત બાઈક નં.જીજે૧૨ - એચઈ - ૫૨૦૫ લઈને પલિવાડથી યક્ષ તરફ જતા હતા ત્યારે ગ્રે કલરની વેન્યુ ગાડી નં. જીજે૧૨ - એફડી - ૭૧૫૯ ના ચાલકે બાઈકને ટક્કર મારતા માથાના ભાગે ગંભીર ઈજાઓ થવાના કારણે મોત થયું હતું. જેથી નખત્રાણા પોલીમાં આરોપી કાર ચાલક સામે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

### સુધારો

કચ્છઉદયમાં તા. ૨૧/૫/૨૦૨૫ના પાના નં. ૯ ઉપર 'રાષ્ટ્રીય માનવ અધિકાર સુધાર સંગઠનના નવનિયુક્ત હોદ્દેદારોને અભિનંદન' પાઠવતી જાહેર ખબરમાં શુભચિંતકનું નામ ' 'શ્રી ડો. રમેશ રામજી મહેશ્વરી (કચ્છ જિલ્લા પ્રમુખશ્રી)' સુધારીને વાંચવું.


## JOB VACANCY

- **Kindergarten Teacher**
  Candidates with **Montessori training** and experience will be given preference
- **For Primary Section** (Hindi & Computer)
  Hindi, English, Social Studies & Computer
- **For Higher Secondary** (English Medium)
  M.Com., B.Ed. (Commerce Theory)
  M.Sc.B.Ed. For Biology
- **Clerk : 01** (Computer knowledge is essential)
- **Sports Teacher: 02** • **Music Teacher : 01**

Note : Minimum 2 Years experience required

Send your resume on **6352 505 952**

**CHANAKYA ACADEMY**

Opp. K.S.K.V. Kutch University, Bhuj-Mundra Road, Bhuj-Kachchh



## ST.ANDREW'S SCHOOL

Tapkeshwari Road, Haripar, Bhuj-Kutch. 370001

Call: 81600 71660. Email : standrewsbhuj@rediffmail.com

**TEACHERS REQUIRED**

- M.Sc. (Mathematics) B.Ed.
- M.A. (English/SST) B.Ed.
- B.Sc. / B.Com / B.A. with B.Ed.

*Candidate with Teaching Experience & Fluency in English will be given preference*

Interested candidate having required qualification can meet Principal with CV during office hours or can mail CV at standrewsbhuj@rediffmail.com

For further details, please contact on above given number during office hours - 08.00am to11.00 am



સરહદી કચ્છ જિલ્લાની સાંપ્રત સમસ્યાઓને વાંચા આપી સાચા અર્થમાં સરહદના સંત્રીની ભૂમીકા ભજવતા કચ્છી માડુઓના પોતિકા સાંધ્ય દૈનિક કચ્છઉદયને ૩૨માં વર્ષમાં મંગલ પ્રવેશ પ્રસંગે ખુબ ખુબ શુભેચ્છા...



**એબેઝ ચેસુદાસ**

પ્રેસિન્ડેન્ટ

ઈન્ડિયન સોશિયલ સર્વિસ કોમ્યૂનિટી


## રાપર નગરપાલિકા જિલ્લો-કચ્છ

### ટેન્ડર નિવિદા, વર્ષ:-૨૦૨૫/૨૬

ઈન્સ્ટિટ્યુટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટ ઓફ ઈન્ડીયામાં નોંધાયેલ ચાર્ટર્ડ એકાઉન્ટ ફર્મ અને ગુજરાત મ્યુનિસિપલ એકાઉન્ટ રીફામ પ્રોજેક્ટની કામગીરીનો ૨ વર્ષનો અનુભવ ધરાવતા ચાર્ટર્ડ એકાઉન્ટ, ચાર્ટર્ડ એકાઉન્ટ ફર્મ પાસેથી રાપર નગરપાલિકા અકુઅલ બેઈઝ ડબલ એન્ટ્રી એકાઉન્ટીંગની કામગીરી GST ઈન્કમટેક્ષ, ઈ.પી.એફ તથા સી.પી.એફની વર્ષ ૨૦૨૫-૨૬ માટે ટેન્ડરો મંગાવવામાં આવે છે. રાપર નગરપાલિકાએથી કચેરી સમય દરમ્યાન કોરા ફોર્મ તાઃ-૨૧/૦૫/૨૦૨૫ થી ૧૧/૦૬/૨૦૨૫ સુધી ટેન્ડર ફી રૂા.૬૦૦/- (નોન રીફંડેબલ)રોકડેથી અથવા ડીમાંડ ડ્રાફ્ટ રજૂ કર્યે મેળવી શકાશે. ટેન્ડર મંજૂર કે નામંજૂર કરવાનો હક્ક રાપર નગરપાલિકા પાસે અબાધિત રહેશે. ભરેલ ટેન્ડર સીલબંધ કવરમાં ફક્ત રજીઈએડી.થી તાઃ-૧૪/૦૬/૨૦૨૫ સુધીમાં નગરપાલિકા કચેરી મળી જાય તે રીતે મોકલવાના રહેશે. અને કવર ઉપર કામનું નામ અવશ્ય લખવું. મુદત બહાર આવેલ ટેન્ડર ધ્યાનમાં લેવામાં આવવશે. નહીં.

સ્થળ : રાપર
તારીખ : ૨૦/૦૫/૨૦૨૫

| | |
|---|---|
| (સ્વાજી ડી. જાડેજા) | (ચાંદભાઈ ડી. ઠક્કર) |
| ચીફ ઓફિસર | પ્રમુખ |
| નગરપાલિકા-રાપર | નગરપાલિકા-રાપર |

(નામાનિ-કચ્છ-૨૫૪-૨૦૨૫/૨૬)


કચ્છ ઉદયને ૩૨મા વર્ષમાં મંગલ પ્રવેશે હાર્દિક શુભેચ્છા જનતાની લાગણીનું પ્રમાણ સૂતેલા તંત્રને જગાડવાનું આહ્વાન 'કચ્છઉદય' ની છે ખરી પહેચાન



**ભરતભાઈ વેલજીભાઈ સોલંકી**

પૂર્વ પ્રમુખ, અંજાર ચોવીસી ગુર્જર મેઘવાળ સમાજ

ચેરમેનશ્રી, ગુજરાત પ્રદેશ કામદાર અને કર્મચારી કોંગ્રેસ



*Heartily Congratulation to* ***Kutchuday***

On Completing 31 Year as a Successful Representative in Media World in all over kutch.



Late Shri M. B. Shetty

**Chawla Cafe**
GANDHIDHAM

Shared M. Shetty
Managing Director

**zest**
MARINE SERVICES PVT. LTD.

7 & 8 Rotary Bhavan, Plot No. 125, Sector No. 9, Opp. Gandhidham Municipal office, Gandhidham (Kutch). Gujarat - 370 201

P : 0091-2836-236599 | F : 0091-2836-23760 | M : 0091-98252 28715
E : info@zestmarineindia.com | W : www.zestmarineindia.com

**SHIP CHANDLERS & MARINE ENGINEERS**



## "કચ્છ ઉદયને ૩૨મા વર્ષમાં મંગલ પ્રવેશ પ્રસંગે હાર્દિક શુભેચ્છા.."

## જોઈએ છે

કચ્છ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિમિટેડ "સરહદ ડેરી" નીચેની જગ્યાઓ માટે લાયક, અનુભવી, સક્ષમ ઉમેદવારોની જરૂરિયાત છે.

**મેનેજર/ડેપ્યુટી મેનેજર એકાઉન્ટ્સ અને ફાઈનાન્સ (જગ્યા-0૧):**

CA/MBA/M. Com ૦૮-૧૦ વર્ષનો અનુભવ ધરાવતા હોવા જોઈએ અને ઓછામાં ઓછા ૦૫ વર્ષ સુધી મેનેજરિયલ ભૂમિકામાં, એકાઉન્ટિંગ સિદ્ધાંતો અને નાણાકીય નિયમોનું સારું જ્ઞાન હોવું જોઈએ. SAP/ERP નું જ્ઞાન હોવું જોઈએ. ડેરી ઉદ્યોગમાં સંબંધિત અનુભવ ધરાવતા ઉમેદવારોને પ્રાથમિકતા આપવામાં આવશે.

**સિનિયર એન્જિનિયર ઓટોમેશન (ડેરી માટે PLC અને SCADA પ્રોગ્રામર) (જગ્યા-01):**

પ્રથમ/બીજું વર્ગ B.E/B.Tech. ઈન્સ્ટ્રુમેન્ટેશન અને કંટ્રોલ / ઈલેક્ટ્રોનિક્સ અને કોમ્યુનિકેશન / ઈલેક્ટ્રોનિક અને ટેલિ-કોમ્યુનિકેશન સ્ટ્રીમ ડેરી ઉદ્યોગમાં ઓછામાં ઓછા 05 વર્ષનો અનુભવ ધરાવતા DCS અને PLC ની કુશળતા ધરાવતા એલન બ્રેડલી, સિમેન્સ, TIA પોર્ટલનું સારું જ્ઞાન ધરાવતા. પ્લાન્ટની જરૂરિયાત મુજબ ઓટોમેશન ઉત્પાદનોની પસંદગી માટે ઔદ્યોગિક ઈન્સ્ટ્રુમેન્ટેશનનું મૂળભૂત જ્ઞાન ધરાવતા હોવા જોઈએ.

**સિનિયર ઓફિસર / વિજિલન્સ ઓફિસર (દૂધ પ્રોક્યોરમેંટ) (જગ્યા-03):**

**જુનિયર વેટરનરી ઓફિસર (જગ્યા-13):**

**ઈન્સ્ટિટ્યૂશનલ ડેવલોપમેન્ટ ઓફિસર (CD-ICD) (જગ્યા-01):**

**ફિલ્ડ ઈન્સ્ટ્રક્ટર (CD-ICD) (જગ્યા-04):**

**જુનિયર એન્જિનિયર (ઈન્સ્ટ્રુમેન્ટેશન) (જગ્યા-01):**

**જુનિયર ઓપરેટર કમ ટેકનિશિયન (ઈલેક્ટ્રિકલ/મિકેનિકલ) (જગ્યા-03):**

**જુનિયર આસિસ્ટન્ટ (MIS/IT) (જગ્યા-02):**

**જુનિયર આસિસ્ટન્ટ એકાઉન્ટ્સ (જગ્યા-01):**

**વેલ્ડર (જગ્યા-01):**

વધુ માહિતી માટે, QR કોડ સ્કેન કરો અથવા careers.sarhaddairy.co.in ની મુલાકાત લો.

સંબંધિત લાયકાત/અનુભવ ધરાવતા ઉમેદવારો 31/05/2025 અથવા તે પહેલાં ઓનલાઈન એપ્લિકેશન પોર્ટલ દ્વારા અરજી કરી શકે છે. મેનેજમેન્ટ પાસે કોઈપણ કારણ આપ્યા વિના કરાયેલ કોઈપણ અરજી, એક અથવા બધી પોસ્ટ રદ કરવાનો તમામ અધિકાર ધરાવે છે.

**સરનામું:-** કચ્છ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. "સરહદ ડેરી" રેવન્યુ સર્વે નં. ૪૮૮, ગામ- ચાંદરાણી, તા-અંજાર કચ્છ-૩૭૦૧૧૫ ટેલિફોન: ૯૬૮૭૬ ૫૫૯૪૩, ઈ-મેલ hr@sarhaddairy.coop

**વલમજી આર. હુંબલ**

ચેરમેનશ્રી સરહદ ડેરી



## પ્રજાના પોતિકા અખબાર તરીકે લોકહૃદયમાં સ્થાન અંકિત કરનાર

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ

**કચ્છ ઉદય**

## સાંધ્ય દૈનિક ને ૩૨માં વર્ષમાં મંગલ પ્રવેશ અવસરે ખૂબ ખૂબ અભિનંદન સહ શુભેચ્છા...

**SRG**
PLY & BOARDS ®

*Sumitra Rajkripal Group*

SINCE 1895

RAJKRIPAL EXIM PVT. LTD. VARSHANA (GANDHIDHAM)
Plot no. 5, Survey No 1/1, Varsana,
National Highway No. 8/A, Gandhidham. HO - 370201

creating
TIMELESS LIVING SPACES

# સામખિયાળી રેલવે સ્ટેશન પર જોવા મળશે કચ્છીયતની ઝલક : વિનોદ ચાવડા

**વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના હસ્તે નવનિર્મિત ૧૩.૪૫ કરોડના અમૃત ભારત સ્ટેશન યોજના અંતર્ગત નવીનિકરણ પામેલા રેલવે સ્ટેશનનું કરાયું લોકાર્પણ : કચ્છ - મોરબીના સાંસદ સહિત રાજકીય - સામાજિક ક્ષેત્રના આગેવાનો, રેલવેના પદાધિકારીઓ અને બહોળી સંખ્યામાં વાગડવાસીઓ રહ્યા ઉપસ્થિત**




સામખિયાળી : દેશના તમામ રેલવે સ્ટેશનો માત્ર પ્રવાસીઓના આવાગમનનું માધ્યમ જ નહીં પરંતુ જે-તે વિસ્તારની સાંસ્કૃતિક કે આધ્યાત્મિક ધરોહરનું કેન્દ્ર બને તેવી વડાપ્રધાન મોદીની પરિકલ્પના સાકાર થઈ રહી છે. આજે કચ્છવાસીઓ માટે ગૌરવનો દિવસ છે. કરણ કે, અમૃત ભારત સ્ટેશન યોજના અંતર્ગત આજે



દેશના ૧૦૩ આધુનિકીકરણ પામેલા રેલવે સ્ટેશનોના લોકાર્પણ કચ્છના પ્રવેશદ્વાર સામખિયાળી રેલવે સ્ટેશનનો સમાવેશ પ્રથમ તબક્કામાં થયો છે. કચ્છ લોકસભા બેઠકના સામખિયાળી અને મોરબી અમૃત સ્ટેશનની આજે દેશના વડાપ્રધાન મોદીએ પ્રવાસી જનતાને ભેટ આપી છે તેવું કચ્છ-મોરબીના સાંસદ વિનોદભાઈ ચાવડાએ નવીનીકરણ પામેલા સામખિયાળી રેલવે સ્ટેશનના ઈ-લોકારપણ પ્રસંગે જણાવ્યું હતું. આજે વડાપ્રધાન મોદીએ

**અનુસંધાન પાના નં.૫ પર**

With Best Compliments
Heartily Congratulation to
કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
On Completing 31 Year as a Successful Representative in Media World in all over kutch.
Godown Dhanji - 98253 82616 | Haresh - 91065 96473
Office Manoj - 81608 95099 | Rajesh - 99250 46215
H P GAS
जीहाँ!
M/S. NIRMAL GAS SERVICE
कोमर्शीयल LPG गेस सिलिंडर तुरंत लेने के लिए संपर्क करें
B-16, Mahavir Complex, Behind Bus Station, Old Port Road, Mundra - Kutch
Ph. (02838) 222315-222297
Website : www.hindpetro.com | E-mail : nirmal.kuchch@hpgas.hpcl.co.in

# કચ્છમાં અપમૃત્યુના બનાવોમાં ચાર લોકોના જીવ ગયા

**નાની ચીરઈમાં પાણીના નાળામાં ડૂબી જવાથી બિહારી યુવકનું મોત : અંજારમાં પરીણિતા અને માધાપરમાં આધેડનો આપઘાત : તુંબડીમાં પશ્ચિમ બંગાળના શ્રમજીવીનું મોત**


ભુજ : અસહય ગરમી અને ઉકળાટ વચ્ચે કચ્છમાં અપમૃત્યુના બનાવોમાં ઉછાળો આવ્યો છે. જેમાં ભચાઉ તાલુકાના નાની ચીરઈમાં પાણીના નાળામાં ડૂબી જવાથી બિહારી યુવકનું જ્યારે મુન્દ્રા તાલુકાના તુંબડી ગામે સંભવતઃ ગરમીના કારણે હાર્ટએટેક આવી જતા પશ્ચિમ બંગાળના શ્રમજીવીનું મોત થયું હતું. આ તરફ અંજારમાં પરીણિતા અને માધાપરમાં આધેડે આપઘાત કરી લીધો હતો.

ભચાઉ તાલુકાના નાની ચીરઈ ગામે ગોયલ સોલ્ટ કંપનીની બાજુમાં આવેલ પાણીના નાળામાં ડૂબી જવાના કારણે યુવાનનું મોત થયું હતું. આ બાબતે ભચાઉ પોલીસ સ્ટેશનમાંથી જાણવા મળતી વિગતો મુજબ પાણીના નાળામાં કોઈ વ્યક્તિ ડૂબી ગયો હોવાનો જણાઈ આવતા ભચાઉ ફાયર બ્રિગેડને જાણ કરવામાં આવી હતી. આ વ્યક્તિને બહાર કાઢી નગરપાલિકાની એમ્બ્યુલન્સ મારફતે હોસ્પિટલ લઈ જતા ભચાઉ સીએચસીના તબીબે મૃત જાહેર કર્યા હતા. પ્રાથમિક તપાસમાં વ્યક્તિમ માનસિક અસ્થિર અને બિહારી હોવાનું જણાઈ આવે છે. ભચાઉ પોલીસે એડી દાખલ કરી આગળની તપાસ હાથ ધરી છે. તો અંજાર તાલુકાના અજાપર ગામે પરીણિતાએ ફાંસો ખાઈ લીધો હતો. અંતરાબેન સાગર બર્મન નામની પરીણિતાએ કોઈ અગમ્ય કારણોસર આ પગલું ભરી લીધું હતું. અંજાર પોલીસે એડી દાખલ કરી મોતના કારણો જાણવા માટે તપાસ હાથ ધરી છે. દરમિયાન માધાપર-શેખપીર હાઈવે પર આવેલ કંપીનીના સ્ટાફ ક્વાર્ટરમાં વાયબલ રેસિડેન્સીના રૂમ નં.૧ મા ચાદર વડે અમદાવાદના આધેડે ફાંસો ખાઈ લીધો હતો. અમદાવાદના મણીનગરમાં રહેતા ૫૬ વર્ષિય રાજેશભાઈ લીલાધરભાઈ તીખેએ કોઈ અગમ્ય કારણોસર ચાદર વડે પંખામાં ફાંસો ખાઈ જીવાદોરી ટુંકાવી હતી જે અંગે માધાપર પોલીસે એડી દાખલ કરી છે. જ્યારે મુન્દ્રા તાલુકાના મોટી તુંબડી ગામે મૂળ પશ્ચિમ બંગાળના શ્રમિક યુવાનનું મોત થયું હતું. અહીં રામાવત ઈન્દ્રા પ્રોજેક્ટ ખાતે કામ કરતા ૩૦ વર્ષિય તારપડા રામફોજદાર નામના યુવાનને છાતીમાં દુઃખાવો થતો હોવાથી ઉંઘ આવતી ન હતી અને જ્યાં ત્યાં દોડમ દોડ કરતો હતો. તેને તાત્કાલિક સારવાર માટે જી.કે.માં ખસેડવામાં આવ્યો હતો જ્યાં તબીબ દ્વારા તેને મૃત જાહેર કરવામાં આવ્યો હતો. આ શ્રમિક એક જ દિવસ પહેલાં જ બંગાળથી કામ પર આવ્યો હતો. તેનું મોત થતા પરિવારમાં શોક ફેલાઈ ગયો હતો. પ્રાગપર પોલીસે એડી દાખલ કરી આગળની તપાસ હાથ ધરી હતી.

કચ્છ ઉદયને ૩૨માં વર્ષમાં મંગલ પ્રવેશ પ્રસંગે હાર્દિક શુભેચ્છા.
Reg.No.3322
પ.પૂ. ડો.આચાર્ય પ્રકાશચંદ્રજી મહારાજ સાહેબ ની પ્રેરણાથી
ગૌરક્ષા સેવા ટ્રસ્ટ, મુંદરા દ્વારા સંચાલિત
"સુવિધા પશુ રક્ષા કેન્દ્ર"
HELPLINE : 99130 99551 | 9712340099
• દાતાર ટ્રસ્ટીશ્રી, શાંતિલાલ ડુંગરશી મારૂ ડેપા સુવિધા ગૃપ
• મેનેજીંગ ટ્રસ્ટીશ્રી, શાંતિલાલ ગંગર - સમાઘોઘા
• મેનેજીંગ ટ્રસ્ટીશ્રી, પીયુષભાઈ મગનભાઈ ગાલા - વડાલા
• ટ્રસ્ટીશ્રી, હકુમતસિંહ અનવરસિંહ જાડેજા - સમાઘોઘા
• ટ્રસ્ટીશ્રી, રતનભાઈ ગઢવી - મુંદરા
• ટ્રસ્ટીશ્રી, બિપીનભાઈ ધારશી મહેતા - મુંદરા

૩૨માં વર્ષમાં મંગલ પ્રવેશ પ્રસંગે શુભેચ્છા...
પ્રજાના પોતિકા અખબાર તરીકે લોકહૃદયમાં સ્થાન અંકિત કરનાર સાંધ્યદૈનિક
કચ્છ ઉદય ને
૩૨માં વર્ષમાં મંગલ પ્રવેશ અવસરે ખૂબ ખૂબ અભિનંદન સહ શુભેચ્છા...
Khavda 1970
Main Bazar Bhuj | Waniawad Bhuj | Hospital Road Bhuj | Chawla Chowk Gandhidham




૭૨ વર્ષ થી જૂની અને હાલમાં ૩૫૦૦ થી પણ વધુ સભ્યો ધરાવતી કચ્છ નાં વ્યાપાર, ઉદ્યોગ તથા સમાજનાં સર્વાંગી ઉત્થાન માટે હંમેશા પ્રયત્નશીલ રહેતી વ્યાપારીક સંસ્થા
ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી
દ્વારા
કચ્છ ઉદય ની ૩૨ મી વર્ષગાંઠ નિમિત્તે હાર્દિક શુભેચ્છાઓ...
ESTD : 1953
THE GANDHIDHAM CHAMBER OF COMMERCE & INDUSTRY
Mahesh Puj, President | Deepak Parekh, Vice President | Teja Kangad, IPP
Mahesh Tirthani, Hon. Secretary | Jatin Agrawal, Hon. Jt Secretary | Narendra Ramanie, Treasurer
Managing Committee Members, General Members & Staff